RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 88* Date: 24.01.2021 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ૨૧ ફેબ્રુઆરીએ મહાનગરપાલિકાનું મતદાન યોજાશેઃ ૨૩મીએ પરિણામ

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેરઃ ૨૧ અને ૨૮ ફેબ્રુઆરીએ મતદાન



*ગાંધીનગર,તા.૨૩*

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. આજે ચૂંટણી પંચે મોટી જાહેરાત કરી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. બે તબક્કામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાશે. પ્રથમ તબક્કામાં મહાનગરપાલિકાની ચૂંટણી યોજાશે. ૨૧ ફેબ્રુઆરીએ પ્રથમ તબક્કાનું મતદાન થશે, જ્યારે બીજા તબક્કાનું મતદાન ૨૮ ફેબ્રુઆરીએ થશે. ૬ મહાનગર પાલિકાની ચૂંટણી ૨૧ ફેબ્રુઆરીએ અને ૮૧ નગર પાલિકાની ચૂંટણી ૨૮ ફેબ્રુઆરીએ તથા ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી યોજાવા તઈ રહી છે.

આજે ૨૩ જાન્યુઆરીના રોજ ગુજરાત ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત કરી છે. જેમા ચૂંટણી માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવાની તારીખ મહાનગરપાલિકા માટે ૦૧ ફેબ્રુઆરી તેમજ જિલ્લા/તાલુકા પંચાયત/નગરપાલિકા માટે ૮ ફેબ્રુઆરી નક્કી કરવામાં આવી છે. ત્યાં જ ઉમેદવારોને ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખ ૬ ફેબ્રુઆરી તથા જિલ્લા/તાલુકા પંચાયત/નગરપાલિકા ૧૩ ફેબ્રુઆરી નક્કી કરાઇ છે. ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ મહાનગરપાલિકા માટે ૮ ફેબ્રુઆરી તથા બાકી તમામ જિલ્લા-તાલુકા માટે ૧૫ ફેબ્રુઆરી છે.

આ દરમિયાન મહાનગરપાલિકાના ઉમેદવાર ૯ ફેબ્રુઆરી સુધીમાં પોતાની ઉમેદવારી પરત ખેચી શકશે તથા જિલ્લા/તાલુકા પંચાયત/નગરપાલિકાના ઉમેદવાર ૧૬ ફેબ્રુઆરી સુધીમાં પોતાની ઉમેદવારી પરત ખેચી શકશે.

રાજયની ૬ મહાનગરપાલિકાના લોકો ૨૧/૨/૨૦૨૧ રવિવારના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરી શકશે. જ્યારે ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગર પાલિકાના લોકો ૨૮/૨/૨૦૨૧ રવિવારના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરી શકશે. ત્યાં જ ૬ મહાનગરપાલિકાની મતગણતરીની તારીખ ૨૩/૨/૨૦૨૧ અને ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગર પાલિકાની ચૂંટણીની મતગણતરી ૦૩/૦૨/૨૦૨૧ના રોજ હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની મુદત છેલ્લા એક માસથી પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે આજે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. રાજયની ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતો, ૮૩ નગરપાલિકાઓ અને ૬ મહાનગરપાલિકાઓ મુદ્દત પૂર્ણ થઈ જતાં હાલ વહીવટદાર શાસન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના કાળમાં આ ચૂંટણી જીતવા ભાજપ અને કોંગ્રેસે છેલ્લા એક મહિનાથી કવાયત હાથ ધરી છે. ઉમેદવારો નક્કી કરવા માટે નિરીક્ષકોની નિમણૂંક સહિતની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. બન્ને પક્ષો હાલ ચૂંટણી જાહેર થવાની રાહ જોઈ રહ્યાં છે. કોરોનાના લીધે એક તબક્કે બન્ને પક્ષોમાં મતદાન પર અસર થવાનો ડર પણ વ્યાપેલો છે.

આપને જણાવી દઈએ કે ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવતાની સાથે જ આજથી રાજ્યમાં આચરસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. ચૂંટણી પંચે હાલ પ્રવર્તમાન કોરોનાનાં કાળનાં કારણે ચૂંટણી માટેની જડબેસલાક વ્યવસ્થા અને તૈયારીઓ કરી લીધી છે. રાજ્યમાં લાંબા સમયથી જોવામાં આવતી ચૂંટણી રાહ વચ્ચે ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવતા ભાજપ, કોંગ્રેસ સહિતની પાર્ટી આજથી જ કામે લાગશે.

વર્ષે ૨૦૧૫ની ચૂંટણી બાદ યોજાયેલી પેટા ચૂંટણીના અંતે વર્તમાન સમયમાં જો સ્થાનિક સ્વરાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓની વાત કરવામાં આવે તો ભાજપ પાસે મહાનગરપાલિકાની ૬૬૪ બેઠકોમાંથી ૪૭૩ બેઠકો છે. એટલે કે મહાનગરપાલિકામાં ભાજપના ૭૧.૨૩ પ્રતિનિધિઓ ચૂંટાયા છે.

જયારે નગરપાલિકાના ૪,૯૮૭માંથી ભાજપના ૩,૦૯૯ પ્રતિનિધિઓ ચૂંટાયા છે. એટલે કે ૬૨.૧૪ ટકા ઉમેદવાર ચૂંટાયા છે. જિલ્લા પંચાયતના કુલ ૧,૦૯૮ ઉમેદવારમાંથી ભાજપના ૫૧૨ પ્રતિનિધિ છે. એટલે કે ૪૬.૬૩ ઉમેદવાર ચૂંટાયા છે. જ્યારે તાલુકા પંચાયતની ૫,૨૧૮ બેઠકમાંથી ૨,૫૯૩ બેઠક ભાજપ પાસે છે, એટલે કે ૪૯.૬૯ ટકા ઉમેદવાર જીત્યા હતા.

હવે જ્યારે વર્ષે ૨૦૨૧માં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે રાજયમાં કોઈ પણ પ્રકારના આંદોલનો નથી. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના પેજ પ્રમુખ ફોર્મ્યુલાથી વિધાનસભાની આઠમાંથી આઠ બેઠકોની પેટા ચૂંટણી પર ભાજપે જીત મેળવી છે. બીજી તરફ ભાજપ કાર્યકરો પણ રિચાર્જ થઈ ગયા છે.

આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૧૧ હજાર જેટલી મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકોમાંથી વધુમાં વધુ બેઠકો જીતવાનો લક્ષ્યાંક ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલે કાર્યકરોને આપ્યો છે. બીજી તરફ કૉંગ્રેસ હજુ પણ પોતાની જૂની પદ્ધતિથી ચૂંટણીની તૈયારી કરી રહ્યું છે. આથી હવે જોવાનું એ રહેશે કે ભાજપ પોતાની ઐતિહાસિક જીત કેવી રીતે મેળવે છે અને કૉંગ્રેસ પોતાની બેઠકો કેવી રીતે જાળવી શકે છે.

## રાજ્યોની નાણાંકીય ખાધ જીડીપીના ૪.૭ લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચવાની ભીતિ

ન્યુ દિલ્હી,તા.૨૩

કોરોનાને કારણે લાગુ કરાયેલા લોકડાઉન તથા તેને કારણે ઊભી થયેલી આર્થિક મંદીને પરિણામે દેશના રાજ્યોની વેરા મારફતની આવકમાં જોરદાર ફટકો પડયો છે. આવક પર પડેલા મારને કારણે રાજ્યોની મહેસુલી ખાધમાં વર્તમાન નાણાં વર્ષમાં વાર્ષિક ધોરણે ચાર ગણો વધારો થવાની શકયતા રહેલી છે.

રાજ્યોની એકંદર ગ્રોસ ફિસ્કલ ડેફિસિટ વધીને રૂપિયા ૮.૭૦ ટ્રિલિયન અથવા ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડકટસના ૪.૭૦ સાથે ઓલટાઈમ હાઈ જોવા મળશે એમ ક્રિસિલના એક રિપોર્ટમાં જણાવાયું છે. અર્થતંત્રમાં સુધારા સાથે વેરા વસૂલીમાં તબક્કાવાર વધારો જોવા મળશે. ઊંચા દેવા બોજને કારણે વ્યાજ ખર્ચમાં થયેલા વધારા રાજ્યોની મહેસુલી ખાધને આગામી બે-ત્રણ વર્ષ સુધી ઊંચી રાખશે તેવો અંદાજ મુકાઈ રહ્યો છે.

કોરોનાની મહામારી વચ્ચે મહેસુલી તથા માળખાકીય ખર્ચને પહોંચી વળવા રાજ્યોએ બજારમાંથી નાણાં ઊભા કરવાની ફરજ પડી છે જેને કારણે તેમના દેવાબોજમાં વધારો થયો છે. દેવાબોજ તથા ખર્ચમાં વધારાને પરિણામે રાજ્યોના ક્રેડિટ જોખમમાં પણ વધારો થવાની શકયતા નકારાતી નથી. ખર્ચની જરૂરિયાતોને પહોંચી વળવા વર્તમાન વર્ષમાં રાજ્યોને વધુ નાણાં ઉછીના મેળવવા કેન્દ્રએ પરવાનગી આપી છે. ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડકટસના ત્રણ ટકા ઉપરાંત રાજ્યોને બે ટકા વધારાની બોરોઈંગ મર્યાદા પૂરી પાડવામાં આવી છે. આને કારણે રાજ્યોના દેવાબોજમાં વધારો થયો છે.

દેશના ૧૮ રાજ્યોની નાણાં સ્થિતિનો અભ્યાસ કરી ક્રિસિલનો આ મત આવી પડયો છે. વર્તમાન નાણાં વર્ષમાં રાજ્યોની ગ્રોસ ફિસ્કલ ડેફિસિટમાં મહેસુલી ખાધનો હિસ્સો ૭૦ ટકા જોવા મળી રહ્યો છે જે છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૧૫ ટકા જોવા મળ્યો હતો. ઊંચી મહેસુલી ખાધને કારણે રાજ્યોએ તેમના મૂડીખર્ચમાં પણ ઘટાડો કરવાની ફરજ પડશે. બોરોઈંગ મર્યાદા જાળવી રાખવા આ દબાણ આવશે જેથી આવનારા વર્ષોમાં ગ્રોસ ફિસ્કલ ડેફિસિટનું પ્રમાણ ઊંચુ જોવા મળી શકે છે એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

## ખેડૂત આંદોલનના સમર્થનમાં ૩૦ જાન્યુઆરીથી અણ્ણા હજારે આમરણ અનશન પર ઉતરશે

ન્યુ દિલ્હી,તા.૨૩

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદા સામે ચાલી રહેલા ખેડૂત આંદોલનના સમર્થનમાં અણ્ણા હજારેએ ૩૦ જાન્યુઆરીથી આમરણ અનશન પર ઉતરવાની જાહેરાત કર્યા બાદ ભાજપના નેતાઓમાં દોડધામ થઈ ગઈ છે.

એક તરફ ખેડૂતો કૃષિ કાયદા પાછા ખેંચાય નહીં ત્યાં સુધી આંદોલન ખતમ કરવાની ના પાડી રહ્યા છે અને બીજી તરફ અણ્ણા હજારેની જાહેરાત કેન્દ્ર સરકારની મુશ્કેલીઓમાં વધારો કરી શકે છે.જેના પગલે અણ્ણા હજારેને મનાવવા માટે મહારાષ્ટ્ર ભાજપના ટોચના નેતાઓ અણ્ણાના ગામ રાલેગણ સિધ્ધિમાં પહોંચી ગયા છે.

જોકે ભાજપના નેતાઓએ વારંવાર સમજાવ્યા બાદ પણ અણ્ણા હજારેએ ૩૦ જાન્યુઆરીથી અનશન પર ઉતરવાની વાત પકડી રાખી છે.ભાજપના ફડનવીસ સહિતના નેતાઓએ અણ્ણા હજારને નવા કાયદાથી ખેડૂતોને શું ફાયદો થશે તે સમજાવવાની કોશિશ કરી હતી પણ એ પછી ય અણ્ણાએ કહ્યુ હતુ કે, ૩૦ જાન્યુઆરીથી હું ખેડૂતોના સમર્થનમાં આંદોલન પર ઉતરવાનો છું.

ઉલ્લેખનીય છે કે, અણ્ણા હજારે ખેડૂત આંદોલનને લઈને પીએમ મોદીને સંખ્યાબંધ પત્રો લખી ચુક્યા છે પણ તેનો જવાબ તેમને મળ્યો નથી.આ કારણસર પણ અણ્ણા હજારેની ભાજપ સરકાર સામેની નારાજગી વધી છે.

ખેડૂત આંદોલનના સમર્થનમાં ઉતરેલા અણ્ણા હજારે આ પહેલા ૨૦૧૧માં ભ્રષ્ટાચારના મુદ્દે યુપીએ સરકાર સામે અનશન પર ઉતર્યા હતા અને તે વખતે ભાજપે તેમને સમર્થન આપ્યુ હતુ.

### આસામમાં વડાપ્રધાને એક લાખ સ્થાનિકોને જમીન પટ્ટા આપવાનું ઉદ્ઘાટન કર્યું

# જમીન માત્ર ઘાસ-માટી જ નથી,એ આપણી માતા પણ છેઃ મોદી



### અગાઉની સરકારે ક્યારેય સ્થાનિકો,જેઓ જમીનને પ્રેમ કરે છે તેમની દરકાર લીધી નહોતીઃ વડાપ્રધાનના વિપક્ષ પર પ્રહાર

*શિવસાગર,તા.૨૩*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આસામમાં એક લાખ સ્થાનિકોને જમીન પટ્ટા આપવાનું ઉદ્ઘઆટન કરતા ઐતિહાસિક જેરેંગા પાથર ખાતે ૧૦ લોખોને જમીનના પટ્ટાના પ્રમાણપત્ર સોંપ્યા હતા. પીએમ મોદીએ આ પ્રસંગે અગાઉની રાજ્ય સરકાર પર નિશાન સાધતા કહ્યું કે અગાઉની સરકારોએ અહીંના લાખો સ્થાનિકો પ્રત્યે દુર્લક્ષ્ય સેવ્યું હતું અને તેમને જમીનના અધિકારોથી વંચિત રાખ્યા હતા.

ભાજપના નેતૃત્વમાં આસામની સરકાર સ્થાનિકોને તેમના હક અને જમીન અધિકાર આપવા પ્રતિબદ્ધ છે. વડાપ્રધાને કરેલા ઉદ્ઘાટન કાર્યક્રમ અંતર્ગત એક લાખ લોકોને જમીન પટ્ટાના પ્રમાણપત્રો અપાશે. આસામમાં જ્યારે સરબનંદા સોનોવાલ સરકારે શાસનની ધૂરા સંભાળી ત્યારે છ લાખથી વધુ સ્થાનિક પરિવારો પાસે તેમની જમીન માટેનો કોઈ જ કાયદાકીય અધિકાર નહતો. છેલ્લા થોડા વર્ષોમાં બે લાખ પરિવારોને જમીન પટ્ટો આપવાની કામગીરી કરવામાં આવી છે. વધુ એક લાખ પરિવારોનો ઉમેરો થતા રાજ્ય સરકારે સ્થાનિકોને પોતાના હકો આપવાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે તેમ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું. પીએમએ અગાઉની સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે તેમણે ક્યારેય અહીંના સ્થાનિકો, જેઓ જમીનને પ્રેમ કરે છે તેમની, દરકાર લીધી નહતી. જમીન પટ્ટા અહીંના લોકો માટે સ્વાભિમાન, સ્વાધિનતા અને સુરક્ષાની ગેરંટી છે.


આસામ હવે સ્વાસ્થ્ય અને શિક્ષાના ક્ષેત્રમાં પણ આગળ વધી રહ્યું છે. કોરોનાને હેન્ડલ કરવા માટે અહીંના લોકો અને સરકારને અભિનંદન પાઠવું છું. આશા છે કે વેક્સિનેશનને પણ અહીં સારી રીતે આગળ વધારવામાં આવશે. જેનો વારો આવશે તે રસી મુકાવશે. રસીના બંને ડોઝ મુકાવવા ખૂબ જરૂરી છે. આપણે રસી પણ મુકાવવાની છે અને સાવધાની પણ રાખવાની છે. છેલ્લાં થોડાં વર્ષોમાં સવાબે લાખથી વધુ મૂળ નિવાસી પરિવારોને જમીનીના પટ્ટા આપવામાં આવ્યા છે. હવે તેમાં બીજા એક લાખ પરિવારો જોડાશે. જમીનનો પટ્ટો મળવાથી મૂળ નિવાસી પરિવારોની માગ પૂરી થવાની સાથે લાખો લોકોનું જીવન સારું બંને એ માટેનો રસ્તો પણ બન્યો છે. હવે તેમને પણ કિસાન ક્રેડિટ કાર્ડ, કિસાન બીમા યોજના અને અન્ય યોજનાઓનો પણ લાભ મળી શકશે. આ લોકો કારોબાર માટે લોન લઈ શકશે.

આ ઉપક્રમે વડાપ્રધાને વિશ્વ પ્રસિદ્ધ કાઝિરંગા રાષ્ટ્રીય ઉદ્યાનને અતિક્રમણ કરનારા તત્વોથી મુક્ત કરવા બદલ રાજ્ય સરકારને અભિનંદન આપ્યા હતા. આજના દિવસે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતી હોવાથી આ વડાપ્રધાને કહ્યું કે આ અવસરને દર વર્ષે પરાક્રમ દિવસ તરીકે ઉજવાશે અને આ દિવસ આશા તેમજ રાષ્ટ્રીય ગૌરવનો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યાઃ૪૨૩**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૫૮૬૮૭**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુઃ ૦૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૭૦૨**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૪૯૪૫૨**

## ભારતે રસી મોકલતા બ્રાઝીલે સંજીવની લઈ જતા હનુમાનની તસવીર પોસ્ટ કરી આભાર માન્યો



ન્યુ દિલ્હી,તા.૨૩

ભારત અને બ્રાઝીલની વચ્ચે મિત્રતાભર્યા સંબંધ જગજાહેર છે પરંતુ રાષ્ટ્રપતિ જેયર બોલ્સોનારોનો અહીં અલગ જ જોડાણ દેખાય છે. ગયા વર્ષે હનુમાન જયંતી પર બોલ્સોનારોને એ ભારતે જયારે હાઈડ્રોક્લોરોક્વીન મોકલી તો તેમણે સંજીવની બુટ્ટી ગણાવી હતી. હવે આ ઘાતક વાયરસની રસી પહોંચાડવા પર ફરી એક વખત ભગવાન હનુમાનને યાદ કર્યા છે.

ભારતને કોરોના વાયરસ રસીના ૨૦ લાખ ડોઝ મળ્યા બાદ બ્રાઝીલના રાષ્ટ્રપતિ જેયર બોલસોનારો એ ટ્વીટ કરી. તેમણે ભગવાન હનુમાનની સંજીવની બુટી લઈને જાય છે તેવી તસવીર ટ્વીટ કરીને પ્રધાનમંત્રી મોદી અને ભારતનો આભાર વ્યકત કર્યો. તેમણે હિન્દીમાં પણ 'ધન્યવાદ' લખીને ભારત પ્રત્યે સમર્થન વ્યકત કર્યું છે. આની પહેલાં બોલ્સોનારો એ ગયા વર્ષે હનુમાન જયંતી પર આ મહામારી માટે 'ગેમચેન્જર' ગણાવીને દવા હાઈડ્રોકસીકલોરોકવીનને 'સંજીવની બુટી' ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે જે રીતે હનુમાનજી એ સંજીવની બુટી લઈ ભગવાન રામે ભાઈ લક્ષમણના પ્રાણ બચાવ્યા હતા તેવી જ રીતે ભારતની તરફથી આપવામાં આવેલી આ દવાથી લોકોના પ્રાણ બચશે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના વેક્સિન સરતાજ ભારત વૈશ્વિક જરૂરી ઉત્પાદનો કરે તો....?!

**દેશમાંથી કોરોના અંત થવા તરફ જઈ રહ્યો છે જે કારણે સરકાર અને પ્રજામાં મોટી રાહત થઈ ગઈ છે. ભારતમાં શોધાયેલી કોરોના વેક્સિન વિશ્વભરના દેશો માટે મહત્વની બની ગઈ છે. ભારતે પોતાની ભાતૃભાવના છોડી નથી અને "વસુધૈવ કુટુંબકમ્" ની ભાવના ને ઉજાગર કરી છે. દેશના લોકોને કોરોના વેક્સિન આપવા માટે મહા આયોજન કરી વિશ્વભરને આશ્ચર્યચકિત કરી દીધું છે. તો પડોશી દેશોને ભારતની દેશી વેક્સિનનો જથ્થાબંધ ડોઝ મોકલાવી ઉદારતાનો પરિચય આપી દીધો છે. જેમાં જે પડોશી દેશોને રસીનો જથ્થો મોકલાવ્યો હતો તે ભેટ રૂપે હતો અને હવે રસીની કિંમત લઈને રસી આપવામાં આવશે. ભારતે જે પ્રકારે વિવિધ દેશોને રસી આપવાની જાહેરાત કરી તેનાથી જર્મની જેવા દેશો પણ ચિંતામાં મુકાઈ ગયા. તેઓનું માનવું છે કે ભારત પોતાની પ્રજાને રસી આપી રહ્યું છે તેની સાથે પડોશી દેશોને રસી મોકલશે તો પછી આપણો નંબર ક્યારે આવશે.....? સ્વાભાવિક છે કે દરેક દેશના વડાને પોતાના દેશની પ્રજા માટે ચિંતા હોય. જર્મનના વડા પ્રધાને તો આપણા વડાપ્રધાન મોદીજીને રસી આપવા બાબતે વાત કરી ત્યારે મોદીજીએ તેઓને રસી મોકલવા બાબતે વિશ્વાસ આપ્યો. વિશ્વમા ભારત જ એવો દેશ બની રહ્યો છે કે તેની બંને વેક્સિન સફળ રહી છે.**

**જ્યારે કે વિશ્વના મહાન દેશોએ બનાવેલી રસી પર અન્ય દેશોને વિશ્વાસ નથી કારણ તેની આડઅસરો થવા ઉપરાંત રસી લીધા બાદ મોત થયા છે. તો ચીનની વેક્સિન પર વિશ્વના કોઈ પણ દેશ વિશ્વાસ કરતા નથી એટલે કોઈ દેશ તેની રસી લેવા તૈયાર નથી એટલે ચીન રસી બાબતે ભેરવાઈ ગયું છે... ચીને પાકિસ્તાનને રસીના બે લાખ ડોઝ આપવાની વાત કરી. પરંતુ પાકિસ્તાનની પ્રજાને ચીનની રસી ઉપર વિશ્વાસ નથી. અને એ કારણે ભારતના આંગણે કોરોના વેક્સિન મેળવવા વિશ્વના અનેક દેશોએ લાઇન લગાવી છે.... ત્યારે એક વાત નોંધવી રહી કે ભારત વિશ્વની મહાસત્તાઓને પણ હંફાવવાની તાકાત ધરાવે છે. દેશની આમ પ્રજાને આત્મનિર્ભર અને વોકલ ફોર લોકલ તરફ ધ્યાન આપવાની સવિશેષ જરૂર છે તે સાથે દેશભરમા વૈશ્વિક જરૂરી ઉત્પાદનો કરવાની પણ કરવાની જરૂર છે અને ત્યારે જ વિશ્વના બજારોમાં ભારત સરતાજ બની રહે....!**

# સરહદે તણાવ વચ્ચે આજે ભારત-ચીનના કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠક યોજાશે



ન્યુ દિલ્હી,તા.૨૩

ભારત અને ચીનની વચ્ચે બે મહિનાથી વધુ ચાલેલ ઉચ્ચસ્તરીય સૈન્ય સંવાદ બાદ નવમા તબક્કાની કોર્પ્સ કમાન્ડ સ્તરીય આગામી વાતચીત રવિવાર ફરીથી શરૂ થશે. બેઠકનું લક્ષ્ય પૂર્વ લદ્દાખમાં નવ મહિનાથી ચાલી રહેલા તણાવનું સમાધાન નીકાળવાનું છે.


એક અધિકારીએ માહિતી આપી કે આ ઉચ્ચ સ્તરીય બેઠક રવિવારના રોજ થશે. સૂત્રો એ કહ્યું કે બેઠક માટે રૂપરેખા અને ભારતના પક્ષ પર કામ ચાલી રહ્યું છે. તેમાં કેટલાંક ફેરફાર આવી શકે છે. છેલ્લી કેટલીય બેઠકોની જેમ વિદેશ મંત્રાલયના પ્રતિનિધિ પણ આ બેઠકનો હિસ્સો હશે.

સત્તાવાર સૂત્રોએ માહિતી આપી કે આ બેઠક ચુશૂલ સેકટરની સામે ચીનની તરફ મોલ્ડોમાં થશે. બંને પક્ષોની વચ્ચે છેલ્લી સૈન્ય બેઠક ૬ નવેમ્બરના રોજ થઈ હતી.

ભારત અને ચીનની સરહદ પર તણાવ છેલ્લાં નવ મહિનાથી ચાલુ છે. બંને દેશો એ સરહદો પર મોટી સંખ્યામાં સૈન્ય બળ,તોપો અને હથિયારો તૈનાત કરી દીધા છે. સરહદ પર કેટલાંક વિસ્તારોમાં તાપમાન શૂન્યથી ૩૦ ડિગ્રી સેલ્સિયસ નીચે આવી ચૂકયું છે તેમ છતાંય સૈન્ય બળની હાલની સંખ્યામાં ઘટાડો આવ્યો નથી. શિયાળા દરમ્યાન સરહદ પર શાંતિ બની રહી પરંતુ તણાવ ઓછો થયો નથી.

# સદાબહાર સુર - ૪

## અવિનાશ વ્યાસ




સવારે ઉઠીએ ત્યારે મોટાભાગે આપણે કરસંપુટ આંખ સામે રાખીને મનોમન કહીએ છીએ

“કરાગ્રેવસતે લક્ષ્મીઃ કરમુલે સરસ્વતી ।

કરમધ્યે તુ ગોવિંદઃ પ્રભાતેકરદર્શનમ્.

પણ એ કરસંપુટનેવળોટીને જ્યારે નજર સામે એક આખુ અચરજ ફેલાયેલું દેખાય ત્યારે એ સવાર કેટલી સુંદર બની જાય! બસ બરાબર આજે એવું જ થયું. આજની ઉઘડતી સવાર કલ્પનાની પરે કહી શકાય એવી હતી. આમ તો આ શિયાળાના દિવસોમાં સૂર્યનારાયણ પણ જરા મોડા જ ઉઠે. કદાચ એમને પણ આ આખી રાતની ટાઢી ચાદર ખસેડીને આપણી જેમ બહાર નિકળવાનું મન નહીં થતું હોય પણ જ્યારે એમણે જરા અમસ્તુ ડોકિયું કર્યું ને આખું જગ ઝળહળઝળહળપ. રાતુંચોળ કંકુ ખર્યું ન હોય! આખા પૂર્વાકાશમાં તો જાણે બ્રહ્મેપાથરેલા આ ચંદરવાનેઉજાળવા કંકુ છાંટણા થયા કે જગતજનનીએ આ જગતને એક નવી શરૂઆતના એંધાણ આપતા અજવાસપાથર્યા? અને ..મનોમન મંદિર સર્જાયું અને અને કાનમાં ઘંટારવ ગાજ્યોપપઅને મનમાં એક દીવડો ઝળહળયોપઅને અવિનાશભાઈના શબ્દો સરી પડ્યા .માડી તારું કંકુ ખર્યુ ને સૂરજ ઉગ્યો..

જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો.

‘માડી તારું કંકુ’ માત્ર એક ગરબો જ છે એવું નથી પણ આ એક ચિરસ્મરણીભક્તિરચના છે. એટલે જ આજે અમેરિકામાં ઉઘડતાપ્રભાતેસૂર્યને કંકુ ખેરવતાં જોઈએ ત્યારે અવિનાશ વ્યાસ યાદ આવે, દરેક એક વ્યક્તિની એક આભા હોય જેના વિશે વિચારીએ તો પણ એ આભા આપણા સુધી પ્રસર્યા વગર રહે જ નહીં.

“માડી તારું કંકુ” જેવી આટલી હ્રદયના તળ સુધી સ્પર્શતી રચનાની સાથે જ એના રચયિતા અવિનાશ વ્યાસની એક આભા મન પર ઉપસ્યા વગર રહે ખરી? ગીતકારના ભાવ કે ભક્તિ આપણા સુધી પહોંચ્યા વગર રહે ખરા? આજે પણ અનેક સ્વરકારો-ગાયકો તેમના સૂર-તાલ થકી ગુજરાતી સંગીતને આગળ લાવી રહ્યા છે. પણ એ દીવડાનીજ્યોત વધુ તેજ, વધુ ઝગમગતીકોઈએ કરી હોય તો તે અવિનાશ વ્યાસ.

સાંભળ્યું છે કે અવિનાશ વ્યાસ માતાજીના પરમ ભક્ત હતા.? એમણે રચેલામાતાજીના ગરબા પણ આ ભક્તિને લઈને જ સ્ફૂર્યા હશે. અવિનાશ વ્યાસના પત્ની ખૂબ સારા ગરબા ગાતાં અને ગૌરાંગ વ્યાસે આ ગળથૂંથીના સંસ્કારો જાળવી વારસો દીપાવ્યો છે તે બધા જાણે છે. આમ જોઈએ તો ગરબો એટલે કે ગર્ભદીપ એ આપણી સંસ્કૃતિનું મંગળ પ્રતીક છે. પરંપરાગત ગરબાને શાસ્ત્રીય સ્પર્શ આપવાનું અને કેટલાંક અર્વાચીન ગરબાનું સર્જન કરવાનું શ્રેય ગીતકાર-સંગીતકાર અવિનાશ વ્યાસને જાય છે. ગુજરાતી ગરબાને લોકપ્રિય બનાવવામાં એમનું પ્રદાન અનોખું કહી શકાય. ગરબા વિશે પણ અવિનાશ વ્યાસના વિચારો-ભાવના અત્યંત સ્પષ્ટ હતા.

અવિનાશ વ્યાસ ગરબાને અનુલક્ષીને કહેતા કે “ગરબાને સ્વર સાથે સગપણ છે, ગરબાને કવિતા સાથે નાતો છે, ગરબાને તાલ સાથે તાલાવેલી છે.” વળી સહેજ આગળ વધીને કહેતા કે “ગરબાને થોડું ઘણું નૃત્ય સાથેય અડપલું કરવા દઈએ, પણ ગરબાનું ‘વ્યક્તિત્વ’ કોઈપણ સ્થળે કે કોઈ પણ સંજોગે ઘવાવું ન જોઈએ” આમ જોવો તો ગરબા ગાવાની-ગવડાવવાની-સાંભળવાની આ ભવ્ય પરંપરાને અવિનાશભાઈએ જીવી છે અને એટલે જ ગુજરાતનો લોકપ્રિય અવાજ અને અંદાજ, રણકાર-ઝણકાર,તાલ-લય બધું જ એ એમની રચનામાં પરોવીપીરસતા.

અવિનાશભાઈના ગરબા સંગ્રહ ‘વર્તુળ’નાઆમુખમાં તેમણે લખ્યું છે કે “વર્તુળનો અર્થ માત્ર ગોળાકાર સુધી સીમિત નથી. તેનું પણ એક વ્યાકરણ છે. ગરબાની નૃત્ય રચના તો વર્તુળ ખરી જ પણ એનાથી ય ઉપર ગરબાના શબ્દોનું, ગરબાનાંકાવ્યોનું, ગરબાના શણગાર તથા ગરબાનાં ગીત સંગીતનું, તાલનું, તાળીઓનું પણ એક વિશિષ્ટ વર્તુળ હોય છે”.?

કેટલાકને પ્રશ્ન થાય કે ગરબામાં રાધા-કૃષ્ણ, મીરાં કે અન્ય શબ્દો કેવી રીતે આવે? તો એનો જવાબ આ છે. અવિનાશ વ્યાસે એક ગરબો લખ્યો એમાં ગરબો કહે છે કે આકાશને ખોળે હું જન્મ્યો, જગદંબાએ હાલરડું ગાયું, દૂધગંગાએ દૂધ પીવડાવ્યું અને સ્વર્ગના અધિકારી શ્રી કૃષ્ણએ મને રાસ રમતાં શીખવ્યું. આથી ગરબાનું સ્વરૂપ કોઈ પણ હોઈ શકે. ફક્ત એમાં ગરબાનો ઠેકો, લય અને તાલનું સંયોજન સુંદર રીતે થયું હોવું જોઈએ અને એટલે જ આજે ગાયકોફિલ્મોનાં ગીતો પણ ગરબાના તાલે ગવડાવે છે.

ગરબાની સાથે ચાચરના ચોકનો તો જાણે સનાતન સંબંધ. પહેલા ક્યાં આવા ડી જે કે ધાંધલિયા સંગીત હતા? ત્યારે તો ચાચરનાચોકમામાતાજીની છબી ગોઠવાય, અખંડ દીવો પ્રગટાવાય અને આરતીની સાથે ગરબાનો ઉપાડ થાય અને પછી તો રમઝટ જામે..

અવિનાશભાઈએ આ પારંપારિકલોકધૂનમાં શાસ્ત્રીય સ્વરો ઉમેરી તથા મૂળ સંસ્કૃતિને અકબંધ રાખીને ખૂબ સુંદર ગરબા રચ્યાં.? એમણે લખેલા ગરબામાં ત્રણ ગરબા તો લોકપ્રિયતાની સીમા વટાવી ચૂક્યાં છે. એ ગરબા છે, “માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો”, “હવે મંદિરનાંબારણાંઉઘાડો” તેમજ “માડી તારા મંદિરીયે ઘંટારવ થાય”.સમગ્ર ગુજરાતીઓનું રાષ્ટ્રગીત જેમ ‘આંખનો અફીણી’ છે એમ કહેવાય છે કે નાગરોનું રાષ્ટ્રગીત ‘માડી તારું કંકુ ખર્યું’ ગીત છે.

અવિનાશ વ્યાસનો દર વર્ષે અંબાજી દર્શને જવાનો નિયમ હતો. માતાજીના સન્મુખ ઉભા હોય, દર્શન કરતાં જાય અને આંખમાંથી આંસુનો અભિષેક વહેતો જાય અને ગીતની રચના થતી જાય. મૂળે અવિનાશ વ્યાસ પ્રકૃતિથી જ અત્યંત સૌમ્ય અને સહ્રદયી. અવિનાશ વ્યાસને ઓળખતી એમની સમવયસ્ક પેઢીની વ્યક્તિઓ જ્યારે અવિનાશ વ્યાસ વિશે વાત કરે ત્યારે એમની વાતોમાંથી ય એમનું એક ચિત્ર તૈયાર થાય. અવિનાશ વ્યાસને અત્યંત નજીકથી ઓળખતા પત્રકાર શશિકાંત નાણાવટી કહેતા કે “અવિનાશભાઈ સ્વભાવે અત્યંત મૃદુ અને ૠજુ હ્રદયના હતા, કોઈપણ વસ્તુ એમને સ્પર્શે એટલે એમની આંખમાં આંસુ આવી જતા.”

મુંબઈ ભગીનીસમાજના કર્તા કલ્લોલીનીબેન હજરત કહેતા કે અવિનાશભાઈ અત્યંત પ્રેમાળ અને લાગણીશીલ સ્વભાવના હતા. માતાજી પરની અપાર શ્રદ્ધાને લઈને જ્યારે એમની સન્મુખ માતાજીને જોતાં ત્યારે એ અત્યંત ભાવવિભોર બની જતાં. આવી ભાવવિભોરમનોસ્થિતિમાંથી તો જે રચાય એને તો માતાજીના આશિષ જ હોય અને એ રચના ચિરંજીવ જ બની જાય ને ? માટે જ આજે અને આવતા અનેક વર્ષો સુધી અવિનાશ વ્યાસ અને એમના આટલા ભાવવાહી ગીત, ગરબા આપણને પણ ભાવવિભોર બનાવતા જ રહેવાના.

રાસબિહારીદેસાઇ કહે છે,”તમે સંશોધન કરો,મારી ખાતરી છે કે આપણી ભાષામાં ઉચ્ચકોટિના કે ગણનાપાત્રકવિઓની રચના જેટલી-જેવી ગવાઇ છે, જેને ખરેખર કવિતા કહેવાય તેવી કૃતિઓ આપણે ત્યાં સ્વરબદ્ધ થઇ છે તેટલી બંગાળ-મહારાષ્ટ્રને બાદ કરતાં ભારતની અન્ય કોઇ ભાષામાં નથી થઇ. ’લિખિત ગુજરાતી કવિતાઓની જેમ, સ્વરબદ્ધ ગુજરાતી રચનાઓ પણ પાંચ સદી કરતાં વધારે સમયથી આપણી સંગીત તૃષા જ નહીં આપણી પરંપરા અને સંસ્કૃતિના ઉપવનને પોષી રહી છે. પ્રથમ સ્વરકાર કોણ? જવાબ સાવ સહેલો છે. નરસિંહ મહેતા. ત્યાર પછી પ્રેમાનંદ અને અન્ય આખ્યાનકારોએ, માણભટ્ટોએ એ પરંપરાને જીવાડી.

ત્યારપછી આવ્યું જૂની રંગભૂમિનું સંગીત અને આઝાદીની ચળવળની પ્રભાતફેરીઓ પરંતુ સંગીતના આ લોક ઢાળને આકાશવાણીએ ઘાટ આપ્યો અને શ્રુતિ તથા સૌરાષ્ટ્રની અને શિવરંજની જેવી સંસ્થાઓએ તેનું પોત ઘડ્યું. સંખ્યામાં થોડા કદાચ પરંતુ સર્જન-સમજમાં બહોળા કલાકારોએ કાવ્ય સંગીતની બારમાસી સરિતા વહાવી છે. કોઇ દિવસ નહીં વિસરાય એ નામો ગુજરાતી કાવ્યસંગીતનું સંવર્ધન કરવામાં ત્રણ પેઢીનુંપેશન રહ્યું છે પરંતુ તેમાં પણ અવિનાશ વ્યાસનું નામ સદા વધારે ઊચા સ્વરે જ લેવાશે. ગીત,ગઝલ,ગરબા,ભજન કોઇ પ્રકાર તેમણે બાકી રાખ્યો નથી. સંગીતચાહકો કહે છે તેમણે ગુજરાતને ગાતું કર્યું તે આજે પણ સાચું જ લાગે. તેમના પુત્ર ગૌરાંગ વ્યાસના સ્વરાંકનો પણ એવાં જ સૂરિલાં છે”.

ગુજરાતી ફિલ્મોના સંગીતને તો બેશક અવિનાશી યુગનું નામ આપી શકાય પરંતુ તેમણે તે સિવાય પણ ગુજરાતને સંગીત અને કવિતાની ‘લોકપ્રિય’અને ‘લોકશ્રવણીય’ વિરાસત આપી. સ્વર-સ્વરાંકનમાં, કંઠ-કામણમાં, અવાજ-અંદાજમાં, અવસર અને અસરમાં પણપઅને આ જ વાત એમને સોળે કળાએ નખશિખ કલાકાર બનાવે છે ‘રાખનાં રમકડાં’, ‘પાટણથી પટોળાં’,‘ઝૂકી પડ્યો ઊંચો હિમાલય’, ‘ઝમકેના ઝાંઝર’, ‘મારી વેણીમાં ચાર ચારફૂલ’જેવીરચનાઓ આજે ૪૦ વર્ષના વહાણાંવાયા પછી પણ તાજી છે.અવિનાશ વ્યાસની એકવાર નહીં અનેકવાર સાંભળેલી આ ભાવભક્તિપસભર રચના તો ક્ષણવારમાં આપણાં માટે અશ્રુધારવહાવવાનુંમાધ્યમ બની શકે. આંખ આપોઆપ બંધ થઈને કોઈક ઉજ્જ્વળ, ધવલ કપાળનાકંકુનાંખરતાકણને ઝીલવા માટે મારી જેમ જ ખોબો ધરશે.

**Rajul Kaushik**
**http://www.rajul54.wordpress.com**




## રિમ્સ હોસ્પિટલ પહોંચ્યો લાલુનો પરિવાર

# લાલુ યાદવની સ્થિતિ ગંભીર, દિલ્હી સ્થિત એમ્સમાં શિફ્ટ કરવાની તૈયારી

રાંચી,તા.૨૩

ચારાકૌભાંડના આરોપી આરજેડીના સુપ્રીમો અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવની તબિયત ખરાબ થતાં તેમના પરિવારના લોકો રાંચી પહોંચી ગયા છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી, નેતા પ્રતિપક્ષ તેજસ્વી યાદવ, દીકરો તેજ પ્રતાપ અને દીકરી મીસા ભારતી લાલુ યાદવની ખબર જોવા રાંચીમાં આવેલી રિમ્સ હોસ્પિટલમાં પહોંચી ગયાં છે, જ્યાં લાલુ યાદવની સારવાર ચાલી રહી છે. લાલુની સ્થિતિ ગંભીર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

લાલુના દીકરા તેજસ્વીના જણાવ્યા પ્રમાણે તેમના ફેફસાંમાં પાણી ભરાઈ ગયું છે અને ચહેરો ફૂલી ગયો છે. જરૂર પડશે તો વધારે સારી સારવાર માટે તેમને દિલ્હી એમ્સ પણ ખસેડવામાં આવે તેવી શક્યતા છે. લાલુ યાદવને મળવા પહોંચેલા તેજસ્વી યાદવે રિમ્સમાંથી બહાર નીકળતી વખતે કહ્યું છે કે અમારો પરિવાર પિતા માટે સારી સારવાર ઈચ્છે છે. દરેક રિપોર્ટ આવ્યા પછી ડોક્ટર્સનું માનવું છે કે તેમની અહીં જ સારવાર કરવામાં આવશે. તેમની સ્થિતિ ગંભીર છે.

રિમ્સના સિનિયર ડોક્ટરે જણાવ્યું હતું કે લાલુ યાદવનાં ફેફસાંમાં ઈન્ફેકશન છે અને અમે તેમની સારવાર કરી રહ્યા છીએ. અમે એમ્સમાં ફેફસાં વિભાગના એચઓડી સાથે આ વિશે વાતચીત કરી છે.

# માનવતા શર્મસાર: તમિલનાડુમાં હાથી પર સળગતું કપડું ફેંકાતા અંતે મોતને ભેટ્યો

ચેન્નાઇ,તા.૨૩

છેલ્લા થોડા સમયથી માણસમાં રહેલી પશુતા જુદી જુદી રીતે બહાર આવતી જોવા મળી છે. તાજેતરમાં તામિલનાડુના નીલગિરિ જિલ્લામાં એક હાથી પર કોઇ પૂર્વ ઉશ્કેરણી વિના સળગતું કપડું નાખવામાં આવ્યું હતું.

હાથી ખરાબ રીતે દાઝ્યો હતો અને રિબાઇ રિબાઇને મૃત્યુ પામ્યો હતો. તામિલનાડુના વન ખાતાના અધિકારીઓએ કહ્યું કે કદાચ ભૂખ લાગી હોવાના કારણે હાથી એક રિસોર્ટમાં પ્રવેશ્યો હતો. એને હાંકી કાઢવા માટે એના પર સળગતું કપડું નાખવામાં આવ્યું હતું.

નીલગિરિ જિલ્લાના મસીનાગુડી વિસ્તારમાં આ રાક્ષસી ઘટના બની હતી. મસીનાગુડી એક હિલ સ્ટેશન છે અને અહીં સંખ્યાબંધ ટુરિસ્ટ રિસોર્ટ આવેલા છે. એવા એક રિસોર્ટમાં જંગલનો હાથી પ્રવેશી ગયો હતો. એને કાઢવા માટે પહેલાં લોકોએ મશાલથી એને ડરાવવાની કોશિશ કરી હતી. આથી હાથી ત્યાંથી નીકળી રહ્યો હતો. એ જઇ રહ્યો હતો એવું જોયા પછી પણ એક વ્યક્તિએ એના પર સળગતું કપડું નાખ્યું હતું. હાથી દાઝી ગયો હતો અને દર્દનો માર્યો ચીસો પાડવા માંડ્યો હતો.

એ જંગલ તરફ પાછો ફરી રહ્યો હતો પરંતુ એનું શરીર સળગી ઊઠ્યું હતું. આગ વધતી ગઇ હતી. વન ખાતાના અધિકારીઓએ ડૉક્ટરની મદદથી એને બચાવી લેવાના પ્રયાસો કર્યા હતા પરંતુ એને બચાવી શકાયો નહોતો.

આ ઘટનાની વિડિયો ક્લીપ સોશ્યલ મિડિયા પર વન વિભાગે મૂકી હતી જે વાઇરલ થઇ હતી. પોલીસે આ ઘટનામાં સંડોવાયેલા મનાતા બે જણની ધરપકડ કરી હતી. આ ઘટના શુક્રવારે ૨૨ જાન્યુઆરીએ બની હતી એમ પોલીસે કહ્યું હતું.

છેલ્લા થોડા સમયથી આ પ્રકારની ઘટનાઓ વધી રહી હતી. થોડા સમય પહેલાં બેંગાલુરુમાં એક સ્ટ્રે કૂતરા પર એસિડ રેડવામાં આવ્યો હતો અને એ કૂતરો ચીસો પાડતો પાડતો જમીન પર આળોટી રહ્યો હતો ત્યારે એસિડ નાખનારા ખડખડાટ હસી રહ્યા હતા. આ કૂતરો પણ રિબાઇ રિબાઇને મરણ પામ્યો હતો.

## અત્યાર સુધીમાં ચાર લાખ અમેરિકનો મૃત્યુ પામ્યા

# બાઇડનની સિક્યોરિટી સાથે સંકળાયેલા ૧૫૦થી વધુ સુરક્ષાકર્મી કોરોના પોઝિટિવ



વોશિંગ્ટન,તા.૨૩

અમેરિકી પ્રમુખ જો બાઇડનની સિક્યોરિટી સાથે સંકળાયેલા ૧૫૦ ઑફિસર્સ કોરોનાના ચેપનો ભોગ બન્યા હોવાના અહેવાલ પ્રગટ થયા હતા. અમેરિકામાં અત્યાર સુધીમાં કોરોનાના પગલે ચાર લાખથી વધુ લોકોનાં મરણ થયાં હતાં. ગૂરૂવારે ૨૧ જાન્યુઆરીએ એક જ દિવસમાં ચાર હજાર વ્યક્તિ કોરોનાના કારણે મરણ પામી હોવાના અહેવાલ હતા.

જો બાઇડને વીસમી જાન્યુઆરીએ પ્રમુખપદના સોગન લીધા એ પહેલાં ચાલુ માસની છઠ્ઠીએ ત્યારના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થકોએ કેપિટલ હિલમાં કરેલા હિંસક તોફાનો બાદ બાઇડનની સિક્યોરિટી વધારી દેવામાં આવી હતી. બાઇડનના સોગનવિધિ વખતે પણ તોફાનીઓ હિંસા આચરશે એવા ડરના કારણે કેપિટલ હિલને વીસમી જાન્યુઆરીએ ૨૫ હજાર નેશનલ ગાર્ડ્ઝની મદદથી અભેદ્ય કિલ્લામાં ફેરવી નાખવામાં આવ્યો હતો.

વ્હાઇટ હાઉસની બહાર પણ બેરિકેડ્સ અને કાંટાળા તાર ગોઠવી દેવામાં આવ્યા હતા. વ્હાઇટ હાઉસ સાથે સંકળાયેલા એક અધિકારીએ પોતાનું નામ પ્રગટ નહીં કરવાની શરતે જણાવ્યું હતું કે વીસમી જાન્યુઆરીએ વૉશિંગ્ટન ડીસીમાં તહેનાત કરાયેલા ૨૫ હજાર સૈનિકોમાંના ઘણા કોરોના સંક્રમિત થયા હતા. આવા સૈનિકોની સંખ્યા વધવાની શક્યતા પણ હતી.

અમેરિકામાં ગુરૂવારે સતત બીજે દિવસે કોરોનાના કારણે ચાર હજાર લોકો મરણ પામ્યા હતા. રોઇટરના એક અહેવાલ મુજબ પબ્લિક હેલ્થ ડેટા વિભાગે અત્યાર સુધીમાં અમેરિકામાં કોરોનાના કારણે ચાર લાખ દસ હજાર વ્યક્તિનાં મોત થયાં હોવાના અહેવાલ પ્રગટ કર્યા હતા. જો કે નેશનલ ગાર્ડ્ઝ તરફથી એવું નિવેદન પ્રગટ કરાયું હતું કે સૈનિકોને લાગેલા કોરોના ચેપની વિગતો જાહેર કરવામાં નહીં આવે. જો કે એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે તેમને વૉશિંગ્ટન ડીસીમાં તહેનાત કરાયા પહેલાં તેમનું કોરોના ટેસ્ટિંગ કરાયું હતું અને તેમના શરીરનું ટેમ્પરેચર પણ લેવાયું હતું. અમેરિકી લશ્કરે જણાવ્યા મુજબ હજારો સૈનિકોને ઘેર પાછા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને આગામી પાંચ છ દિવસમાં ૧૫ હજાર સૈનિકોને વૉશિંગ્ટનથી તેમને ઘેર પાછા મોકલવાની જોગવાઇ કરવામાં આવશે.

# દિલ્હીમાં ખેડૂતોને મારવા આવેલા શૂટરે કર્યો સૌથી મોટો ખુલાસો

ન્યુ દિલ્હી,તા.૨૩

દિલ્હીની સિંધુ બોર્ડર પર ખેડૂતોની તરફથી જે શખ્સને ‘શૂટર’ ગણાવીને મીડિયા સામે રજૂ કરાયો હતો તેને પૂછપરચ્છમાં કેટલાંય સનસનીખેજ આરોપ મૂકયા છે. હરિયાણાના સોનીપતના રહેવાસી આ શખ્સે કહ્યું કે તેઓ ૧૯ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં પોતાના એક સંબંધીના ઘરે આવ્યો હતો અને દિલ્હીમાં ચાલતા ચાલતા ઘૂસતા જ કેટલાંક લોકો એ તેની પકડીને મારઝૂડ કરી હતી.

યોગેશે પૂછપરચ્છમાં કહ્યું કે આ લોકો એ તેના પર દબાણ બનાવતા કહ્યું હતું કે આ લોકો જે કહે તેને મીડિયા સામે કહેવું પડશે. ત્યારબાદ યોગેશ એ મીડિયાની સામે વાતચીત કરતાં કહ્યું હતું કે તેને દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીના રોજ રેલી પર ફાયરિંગ કરવા માટે મોકલ્યો હતો. જો કે હવે યોગેશે કહ્યું કે આમ કહેવા માટે તેને એ પ્રદર્શનકારીઓએ કહ્યું હતું જે તેને પકડીને લાવ્યા હતા.

યોગેશએ કહ્યું કે અપહૃત લોકો તેને કેમ્પમાં લઈ ગયા હતા અને મારઝૂડ કરી હતી અને રાત્રે દારૂ પીવડાવ્યો હતો. યોગેશે પોતાના દાવામાં એમ પણ કહ્યું હતું કે તેની સાથે કેટલાક બીજા યુવાનો પણ ઝડપાયા હતા. આપને જણાવી દઈએ કે યોગેશને ગુરુવારે ખેડૂત સંગઠનો દ્વારા મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે તેને ખેડૂત ટ્રેક્ટર રેલી ઉપર ફાયરિંગ કરવા માટે દિલ્હી મોકલવામાં આવ્યો હતો.

યોગેશે મીડિયાને સંબોધન કરતા કહ્યું હતું કે રાય પોલીસ સ્ટેશનના એસએચઓ વતી તેમને આમ કરવા માટે કહેવામાં આવ્યું હતું. જો કે રાય પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીઓએ આનો જવાબ આપતા જણાવ્યું હતું કે મીડિયા સામે એસએચઓ તરીકે રાય પોલીસ સ્ટેશનમાં પ્રદીપ નામના શખ્સને એસએચઓ બતાવતા થયેલા તમામ દાવા કર્યા છે પરંતુ આ નામની કોઈ વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં તૈનાત જ નથી.

# ધોરણ ૯ અને ૧૧ની શાળાઓ ક્યારે શરૂ કરવી એને લઇ ૨૭મીએ ચર્ચા: શિક્ષણમંત્રી

અમદાવાદ,તા.૨૩

ધોરણ ૧૦ અને ૧૨ની શાળાઓ ખૂલી ગઈ છે. ત્યારે હવે અન્ય ધોરણોની શાળા ક્યારે શરૂ થશે તે અંગે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ મોટા સંકેત આપ્યા છે. રાજકોટની મુલાકાતે આવેલા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું કે, ધોરણ ૯ અને ૧૧ની શાળાઓ શરૂ થઈ શકે છે. ૨૭ તારીખે યોજાનારી કેબિનેટ બેઠકમાં આ અંગે ચર્ચા કરાશે. કેબિનેટમાં ચર્ચા કર્યા બાદ શાળા ખોલવા અંગે નિર્ણય લેવાશે. તેમણે વધુમાં કહ્યું કે, શાળાઓમાં હાલ નોર્મલ સ્થિતિ જોવા મળી છે. ધોરણ ૧૦ અને ૧૨માં પ્રથમ સપ્તાહમાં ૩૫થી ૪૦ ટકા હાજરી જોવા મળી હતી. બીજા સપ્તાહમાં વિદ્યાર્થીઓની ૫૫ ટકા સુધી હાજરી પહોંચી છે. લાંબા વેકેશન બાદ શાળાઓમાં સ્થિતિ નોર્મલ થઈ રહી છે. તેથી કેબિનેટ બેઠકમાં નિર્ણય કર્યા બાદ ધોરણ ૯ અને ૧૧ના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર એકેડમિક એસોસિયેશન દ્વારા શિક્ષણ મંત્રી સામે ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા માંગ કરાઈ છે.

આજે ફેડરેશન ઓફ એકેડમિક એસોસિયેશનના ગુજરાતના હોદ્દેદારો શિક્ષણમંત્રીને મળ્યા હતા. ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાથેની મુલાકાત સકારાત્મક રહી હતી તેવું હોદ્દેદારોએ જણાવ્યું. શાળા શરૂ થયા બાદ ક્લાસિસ શરૂ થવા બાબતે તેમના દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ત્રણ દિવસમાં સમગ્ર મામલે નિર્ણય જાહેર કરવામાં આવશે. સ્થાનિક વહીવટી તંત્રની મંજૂરી લઇ ક્લાસિસ શરૂ કરી શકાશેનો સંકેત શિક્ષણમંત્રીએ આપ્યો છે. તો બીજી તરફ, પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાને આજે પાણી ન મળતા પરેશાન મહિલાઓના મિજાજનો પરચો મળ્યો. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના પારડી ગામે પીવાના પાણી માટે યોજનાના ખાતમૂહુર્ત કાર્યક્રમમાં બાવળિયા સહિતના નેતાઓ હાજર હતા.

યોજનાના ખાતમુહૂર્તમાં હાજર મહિલાઓએ મંત્રીને સવાલ કર્યા કે, શરૂઆત તો કરી પરંતુ તેમના સુધી પાણી ક્યારે પહોંચશે, કામ ક્યારે પુરું થશે? જો કે, મંત્રીએ મહિલાઓને ખાતરી આપી કે છ મહિનામાં કામ પુરું થઈ જશે. અને તેમને પાણી મળતા થઈ જશે. મહત્વનું છે કે, પારડી ગામ પાસે આવેલા અનેક વિસ્તારોમાં વર્ષોથી પાણીની સમસ્યા છે. જેના કારણે મહિલાઓ પરેશાન છે. જેમના રોષનો ભોગ આજે ધારાસભ્યએ બનવું પડ્યું. કુંવરજી બાવળિયા મામલે ભુપેન્દ્ર સિંહ ચુડાસમાએ કહ્યું કે, ગ્રામ્ય વિસ્તારમાં રોડ રસ્તાના, પાણીના કામો થયા છે. લોકોની સુખાકારીના તમામ કામો કરવામાં આવી રહ્યા છે, આગામી દિવસોમાં રાજકોટ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં ભાજપ જીતશે, પારડી ગામની મહિલાઓના વીડિયો મામલે રાજકોટના પ્રભારી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગોળ ગોળ જવાબ આપ્યા હતા.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા ઇ-મતદાર ફોટો ઓળખપત્ર સુવિધા શરૂ થશે

ગાંધીનગર,તા.૨૩

રાષ્ટ્રીય મતદાતા દિવસ તા.૨૫મી જાન્યુઆરીના રોજ ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદારો માટે એક સુવિધાના પગલાં રૂપે ડિજિટલ ફોર્મેટમાં ઇ-મતદાર ફોટો ઓળખપત્ર સુવિધાનો પ્રારંભ કરવામાં આવશે. આ ઈ-ઈપીક કોમ્પ્યુટર અથવા મોબાઈલ દ્વારા ડાઉનલોડ કરીને તેને સાચવી શકાશે. આટલું જ નહી, તેને ડીજી લૉકરમાં અપલોડ પણ કરી શકાશે અને તેની પ્રિન્ટ કાઢીને લેમિનેટ કરી શકાય છે. આ ઈ-ઈપીક મતદારોને આપવામાં આવતાં પીવીસી-ઈ-ઈપીક ઉપરાંત વધારાની સુવિધા છે. જે મતદારની ઓળખના પુરાવા તરીકે ચૂંટણીના હેતુ માટે માન્ય રહેશે. મતદારો ઈ-ઈપીક ૧) વોટર હેલ્પીંગ મોબાઈલ એપ અથવા ૨) http://voterportal.eci.gov.in/ અથવા ૩) https//nvsp.in/ પરથી ડાઉનલોડ કરી શકશે. આ માટે એનવીએસપી/વોટર પોર્ટલ પર રજીસ્ટર/લોગઈન કરો ૨) Epic નંબર અથવા ફોર્મ રેફરન્સ નંબર દાખલ કરો. ૩) રજીસ્ટર્ડ મોબાઈલ પર મળેલ ઓટીપી દાખલ કરો અથવા તો ઈ-ઈપીક ડાઉનલોડ કરો.મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૧ દરમિયાન યુનિક મોબાઈલ નંબર સાથે નવા નોંધાયેલા મતદાર એટલે કે મતદાર યાદીમાં ફક્ત એક જ મતદાર સાથે સંકળાયેલો હોય તેવો મોબાઈલ નંબર ધરાવતા હોય તેવા નવા નોંધાયેલા મતદાર તા.૨૫મી જાન્યુઆરીથી ઈ-ઈપીક ડાઉનલોડ કરી શકશે. જયારે તા. ૧લી ફેબ્રુઆરીથી યુનિક મોબાઈલ નંબર ધરાવનારા તમામ મતદારો ઈ-ઈપીક ડાઉનલોડ કરી શકશે. આ સિવાયના મતદારો ઈ-ઈપીક મેળવવા માટે સૌ પ્રથમ ઇ- KYC પ્રક્રિયા કર્યા બાદ ઈ-ઈપીક ડાઉનલોડ કરી શકશે. વધુમાં જણાવાયું છે કે, ડિજિટલ ફોર્મેટમાં ઈ-ઈપીક ( ઇ-મતદાર ફોટો ઓળખપત્ર) મેળવવાની આ વધારાની અને વધુ ઝડપી સુવિધાનો લાભ લેવા મતદારોને અનુરોધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી આગામી ફેબ્રુઆરી મહિનામાં યોજાવાની છે. તેના માટે તડામાર તૈયારીઓ થઇ રહી છે. આ ચૂંટણીની તારીખ ટૂંક સમયમાં મતલબ કે આ સપ્તાહમાં જ જાહેર થઇ જવાની શક્યતાઓ દેખાઇ રહી છે.

# પંચાવન વર્ષથી વધુ ઉંમર ધરાવનારોએ દાવેદારી માટે ફોર્મ ભરવું નહી: પાટીલ

સુરત,તા.૨૩

મહાનગરપાલિકાની ચૂંટણી માટે ભાજપ દ્વારા આગામી દિવસોમાં દાવેદારોને સાંભળવાની પ્રક્રિયા શરૃ થવાની છે ત્યારે પંચાવન વર્ષથી વધુ ઉંમર ધરાવનારાઓએ દાવેદારી માટે અરજી કરવી નહી તેવી ટીપ્પણી ભાજપ પ્રદેશ પ્રમુખે આજે એક કાર્યક્રમ દરમિયાન કરી હતી. સુરત મહાનગરપાલિકામાં ૧૯૯૫થી ૨૦૨૦ સુધી ભાજપનું શાસન રહ્યું છે તે દરમિયાન કરવામાં આવેલી કામગીરીની બુક ભાજપ દ્વારા આજે બહાર પડાઇ હતી. સુરત ભાજપ કાર્યાલય ખાતે વિમોચન પ્રસંગે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સુરતના વિકાસની ગતિ દેશના અન્ય શહેરો કરતાં અનેકગણી વધારે છે. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, મ્યુનિ. ચૂંટણીમાં દરેક વોર્ડમાંથી ૧૦૦થી વધુ દાવેદારો આવે તેમ છે. પણ સરકારની યોજના લોકો સુધી પહોંચાડવાની કામગીરી કોણે કરી છે ? અને કોને લાભ મળ્યો છે તે માટે દાવેદારી વેળા આપવી પડશે. તેમણે એવી ટીપ્પણી પણ કરી હતી કે,પંચાવન વર્ષથી વધુ ઉંમર ધરાવનારોએ દાવેદારી માટે ફોર્મ ભરવું નહી.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ના મેમ્બરો ની આજે આંઠ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે

.. જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક તેમજ ન્યૂઝ પોર્ટલ,લાઇવ ચેનલ માં સમાચારો આપવા તેમજ સાહિત્ય સરીતા ગ્રુપ માં મેમ્બર શિપ મેળવવા,જાણકારી માટે સંપર્ક કરો.

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling: 9824653073

---

NOG સાહિત્ય સરિતા
NOG SS NO:0056
વિભાગ: પદ્ય
વિષય:- ઉતરાયણ
શીર્ષક :- પતંગ બનવા માંગુ છું.

આજ ફરી પતંગ બનવા માંગું છું,
આકાશમાં ઉંચે ઊડવા માંગું છું...
તકલીફો તો રહેશે દોસ્તો !
હવામાં સ્થિર રહેવા માંગું છું.
આજ ફરી પતંગ બનાવવા માંગું છું,
હવે હું મસ્ત જીવવા માંગું છું....
થોડીક હળવાશની તો પળો !
નિર્દોષ હવાને સ્પર્શવા માંગું છું .
આજ ફરી પતંગ બનવા માંગું છું ,
મતલબી દુનિયાથી દૂર રહેવા માંગુ છું
ભલે રહ્યો હું રંગીન કાગડો !
આજ પતંગ બની ઊડવા માગું છું .
આજ ફરી પતંગ બનવા માંગું છું.
મકરસંક્રાન્તિની શુભકામનાઓ

દિનકર જાની,રંગીન કાગડો અમદાવાદ

---

NOG સાહિત્ય સરિતા (૧)
NOG SS No. 059
વિષય : ઉતરાણ/મીઠાશ/ સગાઈ/ સગપણ/ છૂટાછેડા.
વિભાગ હાઈકુ.

લાવે તાજગી આવે જે એકવાર તે ઉતરાણ.
જે સગાઈમાં મળે નજો મીઠાશ તો કામની શું ?
સગપણ તે યાદ રહે કાયમ ધરે જે હાથ. ન છૂટે યાદ છૂટાછેડા પછી તે ન છૂટાછેડા !
સગપણમાં પરપોટો માયાનો ફૂટે ક્ષણમાં

જયકાન્ત એસ ઘેલાણી,'પ્યારે'.

---

NOG SS No....0019
વિષય... ઉતરાણ
પ્રકાર.. પદ્ય

છટકીને શિશુ હસ્તથી,'કા.ઈ..પો..છે' ના નાદથી,
ચોમેર ઝોલાં ખાતો,
આ કનકવો કપાઈ ગયો!
એક ધ્રૂજતાં ખગનાં ધબકારમાં,
દાણો ચૂગાઈ ગયો...
નાખી કરુણા સભર દ્રષ્ટિ,
આ કનકવો કપાઈ ગયો!
રોકે કોઇ, ટોકે કોઈ, એને કયાં છે..
તડપ કોઇની,લથડાયો,સમેટાયો,
ને જુઓ, પાછો..
આ કનકવો કપાઈ ગયો!
બસ, આવી જ છે આ કંઈક માનવ જિંદગી પડીને કોઈ ગૂંચમાં, સરળ રીતે ઉકેલાઈ જવું,
પાકટ થઈ ગગને, બસ..આમ નમી જવું..
સમજાવી આ વાતને,
આ કનકવો કપાઈ ગયો!

કલ્પના બેન.ત્રિવેદી .સુરેન્દ્રનગર

---

NOG. સાહિત્ય સરિતા
NOG Ss No :- 010
પ્રકાર :- પદ્ય
વિષય :- ઉતરાયણ
શીર્ષક :- જીવન પતંગ

સપ્ત રંગોને સજાવી મારા જીવનમાં,
જીવન પતંગ દોર તમારા હાથમાં.
ઊડતી પતંગ મારી રાખજો કાબૂમાં,
ઝોલા ખાતી પતંગ અનુકૂળ પવનમાં.
ચગાવવાં પતંગ નથી કોઈનાં કાપવામાં,
ઊંચાઈ એકબીજાની જોઈ આનંદમાં.
લડાતા પેચ પરિવારમાં વેર નહીં મનમાં,
સ્થિર રાખજો ઇશ્વર અસંખ્ય ટોળામાં.
બાંધવા જીવનદોર પ્રાણ પૂરી મંત્રોમાં,
ચગાવવા ઉંચે આકાશ અનુષ્ઠાનમાં.
ભરોસો રાખી તમારાં દોરી સંચારમાં,
ઢીલ કે પેચ પકડી રાખજો ઊંચે નભમાં.
સોંપી સંધાન જીવન પતંગ રસાકસીમાં,
'શ્રીકૃપા' કરી રાખજો અનુસંધાન મૂળમાં.

દિપ્તી પટેલ (શ્રીકૃપા),વડોદરા.

---

NOG. સાહિત્ય સરિતા
NOG SS No. :- 60
પ્રકાર :- પદ્ય
વિષય :- ઉતરાયણ
શીર્ષક :- પતંગ

ચલ, આજ મોજથી ઉડાવીએ પતંગ.....
લઈ મિત્ર – પરિવારને સંગ......
ભરી તનમાં જોશ, મનમાં ઉમંગ.....
ના કરીએ કોઈને તંગ....
બાંધી સ્નેહ દોરે પતંગ.....
ઊડીએ મજેથી બની વિહંગ....
નજીકથી તો જોયા,
હવે નભેથી પણ જોઈએ દુનિયાનાં રંગ....
ત્યાં મન કહે, છોડ દુનિયા ને તેનાં રંગ,
છોડ તારું – મારું, ઝૂમ મસ્તીમાં,
બની વિહર આકાશે પતંગ....
આ ધરતીથી ગગન સુધી,
જ્યાં ઈચ્છે તારું મન.
આજ છે તારું જ આખ્ખું ગગન.
છોડ સઘળી ચિંતા,
આજ વિહર મુક્ત મને,
બની મસ્ત પતંગ,
બની પ્રેમની હેલી ને હેતનું વાદળ,
ચઢ, ઉંચે આકાશે, ને વરસ પૂરી દુનિયા પર, બની મોજ ને ઉમંગ.....
ચલ આજ મોજથી ઊડાડીએપતંગ,
ના ના ખુદ બની ઊડીએ પતંગ.....!!

ભગવતી પંચમતીયા 'રોશનીલ

---

NOG SS No :- 0089
પ્રકાર : પદ્ય
શીર્ષક :- ઉત્તરાયણ

કાંટો સે ખિચકે આંચલ તોડ કે બંધન બાંધે પાયલ
આજ ફિર જીને કી તમન્ના હૈં આજ ફિર મર ને કા ઇરાદા હૈં ?
પવન પાતળો કાગળ લઇને,
નભે ઉડાડ્યો પતંગ સાસુજ.
વાંસ-સળીનો કિત્તો લઇને,
લખવા બેઠાં ગઝલ પિયાજી.
પવન સૂસવે ઘડીક સામટો,
ઘડીકમાં તો ખાતો ખત્તાજી.
કોઇ કહે ઉડી માછલી,
જુઓ જુઓ લો પરબારી આકાશેજી.
હાંફી હોંશે હોંશે સમજ્યા કે
ઢીલ દે તું કહે તો કાપું જી.
કપાયો છે સમજાયું ફેંકી ફિરકી,
રુવે જાણે હોય નાના બચ્ચાજી.
રાહુ જેવો પડોશી પાડે રાડું મોટી જી,
ફીરકી મૂકી ઝાલું પિયુજી.
મૃદુલ લાગણી ભ્રમણ ચીરા,
દામોદર વળગ્યો લાજી મરી હું જી.
પડયા ગોગલસ,પડયા સસરાજી ,
દોડી આવ્યા ગભરું સાસુજી.
મૂકે ચીકકીની કટકી ત્યાં તો,
હસી પડયા ઊઠી સસરાજી!

રેખા શુક્લ.અમેરિકા

---

NOG SS NO - 0026
પ્રકાર - પદ્ય
અછાંદસ.
શીર્ષક - ઉત્તરાયણ.

ઉત્તરાયણની પરિભાષાને જો સમજી શકો.
દોરીથી છે પતંગને, અપેક્ષાઓને પરખી શકો!
જુઓ એ રંગબેરંગી આકાશને જો તમારી નજરથી,
જુદા જુદા રંગોની લિપિઓને નભમાં જો વાંચી શકો!
ચારે બાજુથી ઉત્સાહ અને ઉમંગની કિલકારીઓ ઉઠે જ્યાં,
સતત ઉંચા ઊડવાની એ હોડને જો જાણી શકો!
નાનપણનાં મીઠાં - મધુરાં સ્મરણની યાદ તાજી કરાવતી એ,
પવનમાં વહેતી લાગણીઓનાં સ્પર્શને માણી શકો!
ઉત્તરાયણના ચીક્કી, તલનાં લાડુ લાગે સૌથી મીઠાં,
તૃપ્તિ, ઉમંગ, અનોખી પ્યાસ ને જો સમજી શકો!
ઊંચે ઉડવામાં ક્યાં અહીં છે લાભ કહો!
પતંગ કહે છે કે ઉત્તરાયણમાં જો એ વાતને જાણી શકો!

અંજના ગાંધી "મૌનું" વડોદરા

---

NOG SS.No. : 0034
વિભાગ : પદ્ય
શીર્ષક : મકરસંક્રાંતિ

જોઈ દશા પંખીઓની મન મારું વિહળ થાતું,
આ પંતગ પ્રેમીઓને કેમ નથી કાંઈ સમજાતું!
મકરસંક્રાંતિ, મહિમા છે દાન પુણ્યનો અનેરો,
ને એમાં જ, નિર્દોષ પારેવું નિર્દયતાથી હણાતું!
એકસામટું પુણ્યનું ફળ મેળવવા લાગે છે હોડ,
તેથી અઢળક નીણ ગૌમાતાનાં પેટમાં પધરાવાતું!
પેચ લડાવી, કનકવા કાપી, મોજની છોળો ઊડાડે
આ માનવમન પણ સેંકડો દાવ-પેચથી જો ઘેરાતું!
કેવો ઉર્ધ્વ ગતિનો સંદેશ આપતો આ પતંગ સૌને,
છતાંય, નભ અને અવનિ વચ્ચે સ્થિર નથી રહેવાતું!
લાગણીઓનાં દોરાથી પ્યારનો પતંગ ચગાવતાં લોક,
બસ એમ જ, કપાયેલાં સંબંધોની ગૂંચ ઉકેલવા મથાતું!
ઝાંખપ આવી છે સર્વે તહેવારોની રોનકમાં કંઈક?
પહેલાંની માફક જીવન પણ હવે ક્યાં જીવાતું!

ડો. રેખા શાહ કચોરીયા




૧૨૫મી જન્મજયંતિ: નેતાજી સુભાષચંદ્ર બોઝને અનોખી સ્મરણાંજલિ

# ભારત અખંડ રહે, ૯૦% લોકોને શિક્ષણ આપવાનું નેતાજીનું સ્વપ્ન કોંગ્રેસે ભુલાવ્યુ: મુખ્યમંત્રી

## મુખ્યમંત્રીએ ગામમાં સુભાષબાબુના સમારકની મુલાકાત લઈ ૬૮ જેટલા ચિત્રોના પ્રદર્શનને ખુલ્લું મૂક્યું

)સુરત,તા.૨૩

સુરત જિલ્લાના બારડોલી તાલુકાના હરિપુરા ગામે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતિની 'પરાક્રમ દિન' તરીકેની ઉજવણીના અવસરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હાજર રહ્યાં હતાં. મુખ્યમંત્રીનું ૫૧ શણગારેલા બળકો સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતની ધરતી સાથે આઝાદીકાળથી દેશના અગ્રગણ્ય નેતાઓનો ગાઢ નાતો જોડાયેલો છે. હરિપુરા સાથે સુભાષચંદ્ર બોઝ, બારડોલી સાથે સરદાર પટેલ અને અને દાંડી સાથે ગાંધીજીની ગૌરવભરી યાદોથી પ્રત્યેક ગુજરાતી ગર્વ અનુભવે છે. હરિપુરાની પાવન ધરા પર સુભાષબાબુના પગલા થયા એ બારડોલી તાલુકા માટે જ નહિ, પણ રાજય માટે ગર્વની ક્ષણ છે. મુખ્યમંત્રીએ હરિપુરાના ચોકમાં સુભાષબાબુની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સાથોસાથ મુખ્યમંત્રીએ ગામમાં સુભાષબાબુના સમારકની મુલાકાત લઈ ૬૮ જેટલા ચિત્રોના પ્રદર્શનને ખુલ્લું મૂક્યું હતું. ગ્રામજનો અને કાર્યકરો દ્વારા મુખ્યમંત્રીનું શણગારેલા ૫૧ બળદો જોડીને પરંપરાગત આદિવાસી નૃત્યો સાથે ઉષ્માભેર સ્વાગત કરાયું હતું. જાજરમાન બળદગાડામાં સવાર થઈને મુખ્યમંત્રીએ અભિવાદન ઝીલ્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, ભારત અખંડ રહે, ભાગલા ન પડે અને ૯૦ ટકા લોકોને શિક્ષણ મળે તેવું સુભાષચંદ્ર બોઝનું સ્વપ્ન હતું જેને સમય જતા કોંગ્રેસે ભુલાવી દીધુ હતું. તે સમયે જવાહરલાલ નહેરૂ કરતા સુભાષચંદ્ર બોઝની લોકપ્રિયતા વધુ હતી પણ કોગ્રેસના નેતાઓએ સુભાષબાબુને હાંસિયામાં ધકેલવાનું કામ કર્યું હતું. બારડોલીના હરિપુરા ગામમાં વર્ષ ૧૯૩૮માં સુભાષબાબુનાં આગમન વેળાના સંસ્મરણો વાગોળતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના ૫૧માં અધિવેશનના આયોજન અને વ્યવસ્થાની સમગ્ર જવાબદારી સરદાર વલ્લભભાઈ પટેલે સંભાળી હતી. સરદાર પટેલે અધિવેશન સ્થળનું નામ 'વિઠ્ઠલનગર' રાખ્યું હતું. ૫૧ શણગારેલા બળદગાડાં સાથે હરિપુરાથી વિઠ્ઠલનગર સુધી સુભાષચંદ્ર બોઝનું સરઘસ કાઢીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

રૂપાણીનું પરાક્રમ દિવસ નિમિત્તે સંબોધન

સુભાષ બાબુ પ્રખર જ્ઞાની હતા. તેઓ એ જનામાનામાં આઈસીએસ થયા હતા. કોંગ્રેસમાં જોડાઈ દેશ સેવા કરવા લાગ્યા હતા. આઝાદીની ચળવળમાં બંગાળ અને ગુજરાતનો સંબંધ હતો. દેશના ભાગલા ન પડે તેવી વાત સુભાષબાબુએ કરી હતી. સુભાષબાબુએ કહ્યું હતું કે અંગ્રેજો કે ભૂત બાતોસે નહી માનેંગે. પ્રથમ વિશ્વયુદ્ધનો લાભ લેવાની સુભાષબાબુએ વાત કરી હતી. કોંગ્રેસના લોકોએ આ વાત સમજવા તૈયાર ન થયા. સુભાષબાબુ કોંગ્રેસના પ્રમુખ બન્યા ત્યારે કમિટીએ સહયોગ ન આપ્યો. બાદમાં સુભાષબાબુએ ફોરવર્ડ બ્લોક નામની પાર્ટી બનાવી. સુભાષબાબુ જીવે છે કે મરી ગયા તે જાણવાની કોંગ્રેસે દરકાર ન લીધી. સુભાષબાબુ હોત તો પાકિસ્તાન બન્યુ જ ન હોત. સુભાષબાબુ હોત તો ભારત ઈઝરાયેલની જેમ હુંકાર કરતું હોત.

# રાજ્યમાં ટૂંક સમયમાં શરૂ થઇ શકે છે ટ્યૂશન ક્લાસિસ



ગાંધીનગર,તા.૨૩

કોરોના કાળમાં લાંબા સમયથી શાળાની સાથે ટ્યુશન ક્લાસિસ પણ બંધ છે. ત્યારે આ મુદ્દે આજે ફેડરેશન ઓફ અકેડેમીક એસોસિએશન ગુજરાતના હોદ્દેદારો શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને મળ્યાં હતા. મુલાકાત સકારાત્મરક રહી હોવાથી ટૂંક સમયમાં ક્લાસિસ શરૂ થઇ શકે છે, તેવા સંકેત મળી રહ્યાં છે. સૌરાષ્ટ્ર એકેડમિક એસોસિયેશન દ્વારા શિક્ષણ મંત્રી સામે ટ્યુશન ક્લાસીસ શરૂ કરવા માંગણી કરાઈ છે. આજે ફેડરેશન ઓફ એકેડમિક એસોસિયેશનના ગુજરાતના હોદ્દેદારો શિક્ષણમંત્રીને મળ્યા હતા.

હોદ્દેદારોના જણાવ્યા મુજબ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાથેની મુલાકાત સકારાત્મક રહી હતી. ત્રણ દિવસમાં સમગ્ર મામલે નિર્ણય જાહેર કરવામાં આવશે. સ્થાનિક વહીવટી તંત્રની પરવાનગી લીધા બાદ ક્લાસિસ ટૂંક સમયમાં શરૂ કરવાની મંજૂરી મળી શકેશે, આ પ્રકારના સંકેત શિક્ષણમંત્રી ભૂપતસિંહ ચુડાસમાએ આપ્યો છે. ૨૭ જાન્યુઆરીએ કેબિનેટની બેઠક મળનાર છે. જેમાં ટ્યુશન ક્લાસિસ મુદ્દે આખરી નિર્ણય લેવાઈ શકે છે.

# વિચાર વિમર્શ

કઠોર ઉપનિસદ માં યમરાજા નીચીકેતા ને કહે છે કે આ શરીર નસ્ટ થયા તે પહેલા મનુષ્ય પરમાત્મા નો શાષ્ટાકાર કરી શકે તે ઈછનીય છે પણ મનુષ્ય તે મૂલ્યવાન તક ચૂકી જાય છે અને અંતે ચોર્યાસી લાખ ના ફેરા ફેરવા પડે છે યમરાજા માંને છે કે માત્ર મનુષ્ય અવતાર માં જ પ્રભુ નો અનુભવ થઈ શકે છે પણ મનુષ્ય પોતાના દેહ ભાવ માં જ બધાઈ જાય છે દેહ પોતે છે તેમ માની લે છે જીવનભર તેઓ દેહ ની કે દેહ ના સંબધિ બાબતો જેવી સગા સંબધી,ધન,પદ પ્રતિસ્થા,વગેરે ની ચિંતા કરે છે.એમ કહો કે તેઓ નામ રૂપ ને જીવત રાખવાના પ્રયનતો મા જ ડૂબેલો રહે છે અને તેનેજ કારણે યમ રાજા ને ત્યાં વૃધ્ધિ થતી રહે છે પણ યમરાજા એવું ઇચ્છતા નથી. તેઓ ઇચ્છે છે કે મનુષ્ય જીવિત હોય ત્યાં સીધી અને આ મનુષ્ય અવતાર મળ્યો છે ત્યાં સુધી પ્રભુ સાથે એકરૂપતા મેળવી લે અને આ જન્મ મરણ ના ફેરા માથી મુક્તિ મેળવે.સાથો સાથ આ સંસાર ના બંધન માં થી મુક્તિ મળે આ શરીર ફરી જન્મ પ્રાપ્ત કરે તો ફરીથી એ જ પીડા દુખ સહન કરવું પડે.આ આપના સૌ નો અનુભવ છે એટલેજ યમરાજા અને આપના સંતો વિદ્યવાનો એ પરમ તત્વ ને મનુષ્ય અવતાર માં જ જાણવા નો આગ્રહ રાખે છે . ભરત દવે



પેટ્રોલ અને ડીઝલ ના સતત ભાવવધારા સામે ગુજરાત યુથ કોંગ્રેસ દ્વારા અમદાવાદ ખાતે ઉગ્ર વિરોધ કરવા માં આવ્યો ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ



ખાનપુર ખાતે આવેલા માકુશેઠ ના છાપરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તોડી નાખ્યા હતા જેથી લોકોને રોડ પર રહેવું પડયું હતું જેને ધ્યાનમાં રાખીને કાલે રાત્રે GH Group સુધીરભાઈ બુંદેલા તથા રિઝવાન આંબલીયા દ્વારા ખીચડી અને પુલાવ નું વિતરણ કરવામાં આવ્યું હતું અને આજે સવારે ચા અને બિસ્કિટ નું વિતરણ કરવામાં આવ્યું. ફોટો સ્ટોરી કુશલ. ભાઈ ભટ્ટ

### ભૂરા કલરની બલેનો કારનો પીછો કરી ગાડી માંથી દારૂ ઝડપાયો

# રાજપીપળા નજીક માંડણ ગામ પાસે કુલ કિ. રૂ.૪,૮૫,૯૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને ઝડપી પાડતી એલસીબી નર્મદા

રાજપીપળા,તા.૨૩

રાજપીપળા નજીક માંડણ ગામ પાસે ભૂરા કલરની બલેનો કારમાં દારૂનો મુદ્દામાલ હોવાની બાતમી મળતાં એલસીબી નર્મદા પોલીસે પીછો કરી ગાડીમાંથી ઈંગ્લિશ દારૂ ના ક્વાટરીયા નંગ ૭૦૪ કિં. રૂ.૭૦૪૦૦ /- તથા મોબાઈલ નંગ-૪ કિં.રૂ.૧૫૫૦૦/- તથા ૪ લાખની બલેનો કાર સહિત કુલ કિ. રૂ. ૪,૮૫,૯૦૦/- ના મુદ્દામાલ કબજે કરી પોલીસે બે આરોપીઓને ઝડપી પાડયા હતા.જયારે બીજા પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પોલીસ વડા હિંમકરસિંહની સુચના અનુસાર એ.એમ.પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર એલસીબી નર્મદા તથા એલસીબી સ્ટાફના પોલીસ માણસોને જિલ્લામાં દારૂની હેરાફેરી તથા ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતાં ઈસમોએ ઉપર વોચ રાખવા જણાવતાં અહેકો પ્રકાશભાઈ રતિલાલ તથા અહેજો દુર્ગેશભાઈ ચંપકલાલને સંયુક્ત બાતમી મળેલ કે એક ભૂરા કલરની બલેનો ફોરવીલ ગાડી નંબર જીજે ૧૬ સીએન ૮૩૪૨ માં ભારતીય બનાવટની વિદેશી દારૂ ભરી દેડીયાપાડા થી રાજપીપળા તરફ આવવા નીકળેલ છે. જે બાતમીને આધારે એ વાહનની વોચમાં રહી ખુંટાઆંબા બસ સ્ટેન્ડ પાસેથીએ




ગાડીની વોચના ઉભા હતા, તે દરમિયાન બાતમીવાળી બલેનો ગાડી મોવી તરફથી આવતા તેને ઉભી રાખવાનો હાથથી ઈશારો કરતા ગાડીના ચાલકે ગાડી ઉભી રાખી નહીં,અને રાજપીપળા તરફ આવવા લાગેલ. જેથી તેનો પીછો કરતા તે બલેનો ગાડી માંડણ ગામમાં જવાના રસ્તા પાસે પકડી પાડેલ અને ગાડીને ઝડપી તપાસ કરતા તેમાં છુપાવેલ ઈંગ્લિશ દારૂ ના ક્વાટરીયા નંગ ૭૦૪ કિં. રૂ.૭૦૪૦૦ /- તથા મોબાઈલ નંગ-૪ કિં.રૂ.૧૫૫૦૦/- તથા ૪ લાખની બલેનો કાર સહિત કુલ કિ. રૂ. ૪,૮૫,૯૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપી પ્રતિકભાઈ મહેશભાઈ પટેલ (હાલ રહે,નેત્રાંગ જીન બજાર, રમેશ પટેલ ના મકાનમા તા. નેત્રંગ મૂળ રહે, પટેલ ફળિયુ તા.વિજાપુર જિ.મહેસાણા), કિરણભાઈ ઈશ્વરભાઈ વસાવા (રહે,માંડણ ) ને મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા તેમને વિશેષ પૂછપરછ કરતા આરોપી રમેશભાઈ (રહે, પીપલખુંટા તા. અકકલકુવા જી. નંદુરબાર મહારાષ્ટ્ર) જગદીશભાઈ પાચીયાભાઈ વસાવા (રહે, કુંટીલપાડા) જયદીપભાઈ જગદીશભાઈ વસાવા (રહે, માંડણ) સુરેશભાઈ ઈશ્વરભાઈ વસાવા (રહે,માંડણ ), સુરેશભાઈ વસાવા (રહે,ઝરણા, નેત્રંગ ) ના નામો ખુલતા આ ગુના માટે તમને વોન્ટેડ જાહેર કરી રાજપીપળા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપળા

### ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા

# ગાંધીનગર મહાનગરના વિવિધ વોર્ડમાં ભાજપા દ્વારા પેજસમીતિની રચના અંતર્ગત સમીક્ષા બેઠકોનો દોર




ગાંધીનગર મહાનગર ભાજપાના મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આગામી સમયમાં યોજવા જઈ રહી છે ત્યારે ચૂંટણી પૂર્વે ભાજપે પરંપરા મુજબ પોતાની સંગઠનની વ્યવસ્થાઓ મજબૂત કરવાની કવાયત હાથ ધરી છે. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની સૂચના અને માર્ગદર્શન હેઠળ મહાનગરમાં સમાવિષ્ટ તમામ વિસ્તારોમાં પેજસમીતિની રચનાનું કાર્ય પુરજોશથી ચાલી રહ્યું છે. મહાનગરના ભાજપા પ્રમુખશ્રી ઋચિર ભટ્ટની અધ્યક્ષતામાં દરરોજ વિવિધ સંગઠનલક્ષી બેઠકોનો દોર ચાલુ છે, જે અંતર્ગત આજરોજ વોર્ડ ૮ના સેક્ટર ૪/એ ખાતે શહેર ભાજપ પ્રમુખની અધ્યક્ષતામાં પેજસમિતિ રચના સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઇ હતી.

શ્રી ઋચિરભટ્ટે પેજસમિતિની રચનનાનું કાર્ય ઝડપી પૂર્ણ કરવા અંગે ભાર મુક્તા જણાવ્યું હતું કે, આગામી મહાનગરપાલિકાની તેમજ વિધાનસભાની ચૂંટણીમાં પેજસમીતિ ભાજપના વિજય માટે મહત્વની સાબિત થવાની છે. ભાજપા પાસે કાર્યકર્તાઓની વિશાળ ફોજ છે, મજબૂત સંગઠન છે, મહાનગરમાં ભાજપાના શાશનમાં અનેક વિકાસકાર્યો થયા છે, રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકારની અનેક પ્રજાલક્ષી યોજનાઓનું ભાથું છે, આગામી ચૂંટણીમાં ભાજપાનો વિજય નિશ્ચિત છે. આ પ્રસંગે વોર્ડ નં. ૮ના સ્થાનિક ભાજપા આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓએ અત્યાર સુધી પૂર્ણ કરેલી પેજસમિતિઓ શ્રી ઋચિર ભટ્ટને સુપરત કરી હતી. આ બેઠકમાં મહાનગર ભાજપના મહામંત્રીશ્રી ગૌરાંગભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રીઓ શ્રી ઉરેનભાઈ પટેલ, શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, કોર્પોરેટર પ્રવિણાબેન વોરા સહિત વોર્ડના સક્રિય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### પથ્થરમાંથી ઘંટનો રણકાર શ્રદ્ધાનું કેન્દ્ર

# મોડાસાના ડીપ વિસ્તારના રામાપીર મંદીરમાં આરતી સમયે પથ્થરનો રણકાર,બાળકો અભિભૂત



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લીના મોડાસા શહેરમાં એક એવા પથ્થરની ચર્ચાએ જોર પકડ્યું છે, કે જે મંદિરમાં મુકાયો છે, આરતી સમયે મંદિરમાં ઘંટ નહીં, પરંતુ પથ્થરનો રણકાર સંભળાય છે મોડાસાના ડીપ વિસ્તારમાં સિદ્ધિવિનાયક મંદિર પાસેના રામદેવપીર ભગવાનના મંદિરમાં રાખવામાં આવ્યો છે. અહીં બંને ટાઈમ આરતીના સમયે આ પથ્થર વગાડીને આરતી કરાય છે.

મોડાસા ના ડીપ વિસ્તારમાં આવેલા રામાપીરના મંદિરમાં આરતી સમયે ઘંટ નહીં, પણ પથ્થરનો રણકાર સંભળાય છે,, વાત કદાચ આપના ગળે નહી ઉતરે,, પણ વાત સાચી છે,, અને તમે દ્રશ્યોમાં જોઈ શકો છો,, અહીં રણકાર ઘંટનો નહી પણ પથ્થરમાંથી આવે છે,, ડીપ વિસ્તારમાં આરતી કરવામાં આવે છે, જ્યાં રામાપીરના આરતમાં બાળકો અને દર્શનાર્થીઓ પથ્થર વગાડવા માટે આતૂર બને છે,, કારણ કે, અહીં એક એવો પત્થર મુકવામાં આવ્યો છે કે, જેના સૂર મંદિરમાં લગાવાતા બેલ કરતાં પણ મીઠો છે... આ પથ્થર અરવલ્લીની ગિરીમાળાઓના જંગલમાંથી દયા ફાઉન્ડેશનની ટીમને મળી આવ્યો અને પથ્થરને મંદરમાં સ્થાન આપવામાં આવ્યું છે,, જેને વગાડવા માટે દર્શનાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.

આ પથ્થર અહીં ક્યાંથી આવ્યો

તો આના પાછળનું પણ કારણ અદભૂત છે અરવલ્લી જિલ્લામાં દયા ફાઉન્ડેશન સાપ અને પક્ષિઓના રેસ્ક્યુ કરવાની કામગીરી કરે છે,, ત્યારે દસ દિવસ પહેલા રેસ્ક્યુ કરાયેલા સાપને જંગલમાં છોડવા જતાં, દયા ફાઉન્ડેશનના સભ્યોની પગમાં ઠોકર લાગતા, એક અવાજ આવ્યો,, નીચે જોતાં ત્રીસ કિલોનો એક પથ્થર હતો,, જેની રસ્તાની બાજુ પર મુકતા ફરી રણકરા થયો,, ત્યારે દયા ફાઉન્ડેશનની ટીમને અચરજ લાગ્યું કે, આવું કેમ થાય છે,, ત્યારે તપાસ કરતા તેમજથી અવાજ આવવા લાગ્યો,, બસ પથ્થર ચમત્કારીક અને રણકાર ઉદવભ કરતા પત્થરને ડીપ વિસ્તારના રામાપીર મંદિરમાં મુક્યો હોવાનું દયા ફાઉન્ડેશનના સદસ્ય જગદીશભાઈ ભીલે જણાવ્યું હતું હાલ તો ચમત્કારીક પથ્થરનો રણકાર સાંભળવા અને દ્ર જોવા માટે દર્શનાર્થીઓ પહોંચી રહ્યા છે




યુથ કોંગ્રેસ દ્વારા પેટ્રોલ ડીઝલ ના ભાવ વધારા સામે આક્રમક દેખાવો બાદ ધરપકડ બાદ છુટકારો..

# રાજપીપળાના જાણીતા ડોક્ટર દંપતીએ કોરોના વેક્સીનને લઈ દેશમાંથી કોરોના નાબૂદ કરવા સંદેશ આપ્યો



રાજપીપળા,તા.૨૩

રાજપીપળાના જાણીતા ગાયનેક ડો.દર્શનાબેન દેશમુખ અને તેમના પતિ ડો. રાજકુમારી કોરોના વેક્સીન લીધી હતી, ત્યાર બાદ જાહેરમાં સૌને સંદેશ આપતા જણાવ્યું હતું કે અમે દંપતીએ આ રસીનો ડોઝ લીધો છે. એની કોઈ આડઅસર નથી માટે દેશના દરેક નાગરિકને તેમણે અપીલ કરી હતી કે આ રસી લઈ દેશ અને દુનિયામાંથી કોરોના નાબૂદ કરો,આ રસી ભારત દેશમાં જ બનેલી રસી હોય,તેની કોઈ અન્ય અસર નથી.પોતાના સ્વાસ્થ્ય માટે આ રસી લઈ દેશમાંથી કોરોના નાબૂદ કરો. અને અંતમાં સૌ સ્વસ્થ રહે તેવી પણ શુભકામનાઓ પાઠવી હતી.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# નર્મદામા બે નાયબ કલેકટર અને ત્રણ નાયબ પોલીસ અધિક્ષકની બદલી

રાજપીપળા,તા. ૨૩

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ ટાણે ગુજરાત સરકારે ડેપ્યુટી કલેકટર નાયબ પોલીસ અધિક્ષક ની બદલીના આદેશો કર્યા છે.જેમાં નર્મદા જિલ્લામાં બે ડેપ્યુટી કલેકટર અને ત્રણ નાયબ પોલીસ અધિક્ષકની બદલીના આદેશો કરાયા છે. જેમાં નર્મદા જિલ્લાના ડેપ્યુટી ડિસ્ટ્રિક્ટ ઈલેક્શન ઓફિસર નર્મદાના એ આઈ હળપતિની બદલી ડેપ્યુટી કલેકટર તરીકે નર્મદા ખાતે કરવામાં આવી છે. સાથે સાથે તેમને ડિસ્ટ્રિક્ટ ઈલેક્શન ઓફિસર નર્મદાનો વધારાનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે.તે ઉપરાંત ડેપ્યુટી કલેકટર (પ્રોટોકોલ) કલેકટરેટ નર્મદાના એ અસારી ની બદલી ડેપ્યુટી કલેકટર મધ્યાહન ભોજન યોજનાના કલેકટર કચેરી નર્મદા ખાતે બદલી કરવામાં આવી છે.સાથે સાથે તેમને ડેપ્યુટી કલેકટર પ્રોટોકોલનો ચાર્જ પણ સોંપવામાં આવ્યો છે. એ ઉપરાંત નર્મદા જિલ્લાના અજમાયશી નાયબ પોલીસ અધિક્ષક સાગર દિનેશ રાઠોડની બદલી નાયબ પોલીસ અધિક્ષક તરીકે આઈબી ફોર સબસેન્ટર એસીએમ સિક્યુરિટી ગાંધીનગર ખાતેની ખાલી જગ્યાએ બદલી કરવામાં આવી છે. જ્યારે બહારથીબે નાયબ પોલીસ અધિક્ષકની નર્મદા જિલ્લામાં કેવડિયા કોલોની ખાતે બદલી કરવામાં આવી છે .જેમાં સુરજીત ઘનશ્યામ મેરુ જિ. ભરૂચ ના નાયબ પોલીસ અધિક્ષકને કેવડીયા કોલોની ખાતે ઊભી થયેલી નવી જગ્યાએ પોલીસ અધિક્ષક તરીકે કરવામાં બદલી કરવામા આવી છે. ઉપરાંત કુ.ઋતુ અમરસિંહ રાબા કચ્છ જિલ્લા પૂર્વ ગાંધીધામના નાયબ પોલીસ અધિક્ષક તરીકે સ્ટેચ્યુ ઓફ યુનિટી સલામતી, કેવડિયા કોલોની ખાતેખાલી જગ્યાએ બદલી કરવામાં આવી છે.

જયોતિ જગતાપ, રાજપીપળા




સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન અવસાન

અમારા વડીલશ્રી/પિતાશ્રી

જયંતીલાલ પોપટલાલ શેઠ

(સાણંદવાળા-તંત્રી, ફરજ સાપ્તાહિક)

તા. ૨૩-૧-૨૦૨૧ના રોજ અરિહંતશરણ થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને ફક્ત ટેલીફોનીક બેસણું તા. ૨૪-૧-૨૦૨૧, રવિવારે સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.

ગીતાબેન જયંતીલાલ શેઠ

રૂપા રાકેશ શેઠ | રાકેશ જયંતીલાલ શેઠ -96386 30594
પૂર્વી આશિષ શેઠ | આશિષ જયંતીલાલ શેઠ -93761 29204
હેતલ કેતન શેઠ | કેતન જયંતીલાલ શેઠ -93750 77188
સેજલ દીપકભાઈ શેઠ | દીપક ધીરજલાલ શેઠ -93270 98977

જયશ્રી ભરતકુમાર બાવીસી • ભરતકુમાર કેશવલાલ બાવીસી
મેઘા નિરવકુમાર શાહ • નિરવકુમાર રજનીકાન્ત શાહ

દેવર્ષ-નિલય-પ્રિયમ-ચાર્મી-રાહી-વેદાંત-અંશુલ-બન્ટી-સુમીત

ફર્મ: શિવશક્તિ કાર્ડસ | પ્રિયમ પેપર | કાર્ડ પેલેસ



શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા), શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, સંયુક્ત ઉપક્રમે

સત્કાર સમારંભ

સ્નેહી શ્રી ____________

સહર્ષ જણાવવાનું કે શ્રી સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણી સમાજ સેવકોની ભારતીય જનતા પાર્ટીમાં અગત્યની નિમણુંક થવા બદલ તથા સરકારી વકીલ તરીકે નિમણુંક થવા બદલ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા તથા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૫-૧-૨૦૨૧ ને સોમવારના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે, શ્રી સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન હોલ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાયેલ સન્માન સમારંભમાં ઉપસ્થિત રહેવા આપને અમારું હાર્દિક નિમંત્રણ છે.

સન્માનિત થનાર મહાનુભાવો

શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ – પ્રદેશ મહામંત્રી ભાજપા
શ્રી યમલભાઇ વ્યાસ – પ્રદેશ મુખ્ય પ્રવક્તા ભાજપા
શ્રી યજ્ઞેશ દવે – પ્રદેશ મિડીય કન્વીનરશ્રી ભાજપા
શ્રી જાહ્નવીબેન વ્યાસ – પ્રદેશ મંત્રીશ્રી ભાજપા
શ્રી રૂચિરભાઇ ભટ્ટ – ગાંધીનગર શહેર પ્રમુખ ભાજપા
શ્રી ગૌરાંગભાઇ વ્યાસ – ગાંધીનગર શહેર ઉપાધ્યક્ષ ભાજપા
શ્રી ભાવનાબેન પાઠક – ગાંધીનગર શહેર મંત્રી ભાજપા

સરકારી વકીલશ્રીઓ

શ્રી હિતેશભાઇ રાવલ – ડી.જી.પી. અને એ.પી.પી. ગાંધીનગર
શ્રી પ્રિતેષ વ્યાસ – એ.પી.પી એન્ડ સ્પે. પી.પી. ગાંધીનગર
શ્રી જિજ્ઞેશભાઇ જોષી – એડવોકેટ અને એ.પી.પી., ગાંધીનગર
શ્રી અશ્વિન વી. ત્રિવેદી – એડવોકેટ, સ્પે. પી.પી., ગાંધીનગર
શ્રી છાયાબેન કે. ત્રિવેદી – એડવોકેટ અને એ.જી.પી.,ગાંધીનગર
શ્રી સુનિલ પંડ્યા – એ.પી.પી. અને એ.જી.પી.ગાંધીનગર

નિમંત્રક

શ્રી ભરતભાઇ રાવલ, પ્રમુખશ્રી, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત, (રા.ક) તથા કારોબારી સભા

શ્રી પિનાકીન રાવલ, પ્રમુખ, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર તથા કારોબારી સભા


# માણાવદર- ચુડવા રોડના ચાલતા કામમાં વેળવામાં પ્રોટેક્શન દીવાલ બાંધવા સરપંચની માગણી



સરકાર તરફથી માર્ગ સુવિધા અંતર્ગત ચાલી રહેલા રોડ રસ્તાના કામને ઉતેજના મળી રહે તેવા હેતુ સબબ માણાવદર થી ચુડવા સુધીના રસ્તાનું કામ ચાલી રહયું છે આ રોડ સુધારણા કામમાં પ્રોટેક્શન માટે દીવાલ ની જરૂર હોવા છતાં ચાલું કામમાં દીવાલનો સમાવેશ કરાયો ન હોવાથી વેળવા ગામના સરપંચ કુમનભાઈ શોભાસણાએ રાજય માર્ગ મકાન વિભાગ ગાંધીનગર તથા જૂનાગઢના વિભાગને એક આવેદનપત્ર પાઠવી જણાવ્યું છે કે વેળવા ગામે સરકારી દવાખાના પાસે થી લઈ ગામના કબ્રસ્તાન સુધી બંને બાજુ પ્રોટેક્શન દીવાલ બનાવવાની ખાસ જરૂર છે જેની લંબાઈ ૪૦૦ મીટર જેટલી થઈ શકે છે. પ્રોટેક્શન માટે દીવાલ મહત્વની ગણાય છે.

સરપંચે જણાવ્યું છે કે આ કામમાં વચ્ચે આવતા અમારા ગામ વેળવામાં દીવાલ બનાવવાનો સમાવેશ કરાયો નથી જેથી પ્રોટેક્શન માટે તાકીદથી સરવે કરાવી તેમાં દીવાલ બાંધકામ ઉમેરવું કારણકે ચોમાસામાં પાણીના ધસારાને કારણે રોડને મોટું નુકસાન થાય છે. જેથી ચોમાસા પહેલા આ કામ પૂર્ણ થાય તો જ આ રોડ ને ધોવાણથી બચાવી શકાશે. સરપંચે વધુમાં એ પણ જણાવેલ કે ગામના તળાવનું પાણી ચોમાસામાં ઓવરફલો થાય છે ને તે નાના પુલીયા ને તોડી ને રોડનું ધોવાણ કરે છે જેથી એક નવું પુલીયુ બનાવાય તો રોડ કાયમ સુરક્ષિત રહી શકે તેમ છે.

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

### અરવલ્લી : એલસીબીએ ટીંટોઈ નજીકથી ૧૫૬ બોટલ દારૂ ઝડપ્યો

# વેજપુરના બાઈક ચોરને અને પેરોલ ફર્લોએ ખેતરમાંથી નાસતા ફરતા આરોપીને દબોચ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પ્રોહિબિશનની શખ્ત કાર્યવાહી,ચોરી લૂંટના વણઉકેલ્યા ગુન્હાનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે સ્થાનીક પોલીસતંત્ર અને વિવિધ એજન્સીઓ દોડાદોડ કરી રહી છે જીલ્લા એસઓજી પોલીસે મોડાસા શહેરના કુખ્યાત મોબાઈલ બજાર નજીકથી બીલ વગરના એપલ આઈ ફોન-૧૨ પ્રો સાથે મોડાસાના રહેમતુલ્લા અમીભાઈ ભાયલાને ઝડપી પાડી ૯૦ હજારનો મોબાઈલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમારને ડોડીસરા થી પલ્સર બાઈક પર વિદેશી દારૂ ભરી બુટલેગર જીવણપુર નજીકથી પસાર થવાનો હોવાની બાતમી મળતા ટીંટોઈ નજીક વાહનોનું સઘન ચેકીગ હાથધરતા બાતમી આધારીત પલ્સર બાઈક આવતા અટકાવવાનો પ્રયત્ન કરતા બુટલેગરે બાઈકને દોડાવી મુકતા પોલીસે પીછો કરતા બુટલેગર ટીંટોઈ નજીક ફૂટા ગામના તળાવ નજીક દારૂનો જથ્થો નાખી હવામાં ઓગળી જતા એલસીબી પોલીસે વિદેશી દારૂની ૧૫૬ બોટલ કી.રૂ.૩૧૨૦૦/-નો દારૂ જપ્ત કરી ફરાર બુટલેગર વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા અન્ય એક કિસ્સામાં વર્ષ-૨૦૧૯ માં ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈક ચોરીના ગુન્હામાં સંડોવાયેલ વેજપુર ગામનો નિમેશ ઉર્ફે નમો હરેશભાઇ ખરાડી નામનો આરોપી રીટોડા ચોકડી નજીકથી પસાર થવાનો હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે રીટોડા ચોકડી પર વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો અરવલ્લી પેરોલફર્લો પીએસઆઈ કે એસ સીસોદીયા અને તેમની ટીમે હિંમતનગર સબ જેલનો પાકા કામનો કેદી જામીન પર છૂટ્યા બાદ ફરાર થઇ ગયેલ આરોપી કમલેશ બાબુભાઇ નીનામાને તેના ઘર નજીક ખેતરમાં ખાટલો નાખી ઉંઘી રહ્યો હોવાની બાતમી મળતા પેરોલફર્લો ટીમે સુરપર(દાંતીયા) ગામે ત્રાટકી ખેતરને કોર્ડન કરી કમલેશ નિનામાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી તેમજ બાયડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ૫ વર્ષ અગાઉ ભેંશોની ચોરીમાં સંડોવાયેલ શાહરુખ ઈબ્રાહીમ ઉર્ફે અબ્દુલજાની મુલતાની (રહે,ચાંદટેકરી,મોડાસા) હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હામાં ધરપકડ થઇ હોવાનું અને કસ્ટડીમાં હોવાનું જાણવા મળતા હિંમતનગર સબજેલ જેલરનું લેખીત લખાણ મેળવી બાયડ પોલીસને જાણ કરવામાં આવી હતી અને ૫ વર્ષ અગાઉ ભેંશ ચોરીના ગુન્હાનો આરોપીને શોધવામાં સફળતા મળી હતી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.